અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૮ જૂન ૨૦૨૪, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૮૦, જેઠ સુદ ૧૧

વર્ષ : ૧૫
અંક : ૩૧૮

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### પશ્ચિમ બંગાળના જલપાઈગુડીમાં મોટો રેલ અકસ્માત

# માલગાડીએ કાંચનજંગા એક્સપ્રેસને પાછળથી ટક્કર મારી : ૧૫ના મોત

## કંચનજંગા એક્સપ્રેસના ચાર ડબ્બા પાટા પરથી ઉતરી ગયા : જીવ ગુમાવનારા દરેક યાત્રીના પરિવારને ૧૦-૧૦ લાખની આર્થિક સહાયની જાહેરાત કરાઈ

। (એજન્સી) કોલક્તા, તા.૧૭ ।

પશ્ચિમ બંગાળના જલપાઈગુડીમાં એક માલગાડીએ કાંચનજંગા એક્સપ્રેસને પાછળથી ટક્કર મારી હતી. ટક્કર એટલી ગંભીર હતી કે કંચનજંગા એક્સપ્રેસના ચાર ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. આ અકસ્માતમાં ૧૫ લોકોના મોત થયા છે, જેમાંથી ૩ રેલવે કર્મચારી છે, જ્યારે ૫ મુસાફરો છે. અકસ્માતમાં ૬૦ લોકો ઘાયલ થયાના સમાચાર છે. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે ટ્વીટ કર્યું કે રેલ્વેએ જલપાઈગુડી ટ્રેન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા દરેક યાત્રીના પરિવારને ૧૦-૧૦ લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી છે. ગંભીર રીતે ઘાયલોને ૨.૫ લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે જ્યારે ઓછા ઘાયલોને ૫૦ ૫૦ હજાર રૂપિયા આપવામાં આવશે. આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો. આ સાથે પીએમઓએ મૃતકોના પરિવારજનોને ૨-૨ લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી છે. જ્યારે ઘાયલોને ૫૦-૫૦ હજાર રૂપિયાની સહાયનું વચન આપવામાં આવ્યું છે. પીએમ મોદીએ ટ્વીટ કરીને કહ્યું કે, પશ્ચિમ બંગાળમાં ટ્રેન દુર્ઘટના દુ:ખદ છે. જેમણે તેમના પ્રિયજનોને ગુમાવ્યા છે તેમના પ્રત્યે સંવેદના. હું પ્રાર્થના કરું છું કે ઘાયલો જલ્દીથી જલ્દી સ્વસ્થ થઈ જાય. અધિકારીઓ સાથે વાત કરી પરિસ્થિતિનો તાગ મેળવ્યો. અસરગ્રસ્તોની મદદ માટે બચાવ કામગીરી ચાલી રહી છે. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ ઘટના સ્થળે રવાના થઈ ગયા છે. આ અકસ્માત પશ્ચિમ બંગાળના રંગપાની સ્ટેશન પાસે થયો હતો.



### ઘટનાસ્થળ પર રેલ મંત્રી સહિત મોટા અધિકારીઓ હાજર

પ્રધાનમંત્રી મોદીએ લખ્યું- પશ્ચિમ બંગાળમાં થયેલી રેલ દુર્ઘટના દુખદ છે. મારી સંવેદનાઓ તે બધા લોકો સાથે છે જેણે પોતાના પરિવારજનોને ગુમાવ્યા છે. ઈજાગ્રસ્તો જલ્દી સાજા થાય તેની પ્રાર્થના કરુ છું. અધિકારીઓ સાથે વાત કરી અને સ્થિતિની માહિતી મેળવવામાં આવી રહી છે. પ્રધાનમંત્રી કાર્યાલયે જણાવ્યું કે મૃતકોના પરિવારજનોને ૨ લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને ૫૦ હજાર રૂપિયાની સહાય આપવામાં આવશે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ બાઈક પર બેસી ઘટના સ્થળે પહોંચી ગયા હતા. આ દરમિયાન તેમણે રાહત કાર્યની સમીક્ષા કરી હતી. વાસ્તવમાં ઘટનાસ્થળે પહોંચવાનો રસ્તો કાચો હોવાથી ત્યાં વાહનો પહોંચી શકતા નથી. આ ઉપરાંત ગાડીમાં જવામાં પણ ઘણો સમય લાગે છે, તેથી રેલવે મંત્રીએ તુરંત બાઈકનો સહારો લઈને ઘટનાસ્થળે પહોંચી ગયા છે. દાર્જિલિંગ જિલ્લાના રંગાપાની સ્ટેશન પર પહોંચેલા રેલવે મંત્રીએ રાહત કાર્યની સમીક્ષા કરી રહ્યા છે. તેઓ ઘટના અંગે સંબંધિત અધિકારીઓ પાસેથી માહિતી મેળવી રહ્યા છે. રેલવે બોર્ડના ચેરમેન જયા વર્મા સિન્હાએ કહ્યું કે, ગુડ્સ ટ્રેનના લોકો પાયલોટે સિગ્નલની અવગણના કરી હતી. આ અકસ્માતમાં લોકો પાયલટ અને ગાર્ડનું પણ મોત થયું છે. આ અકસ્માત આ વર્ષેનો સૌથી મોટો અકસ્માત છે. આ પહેલા જૂન-૨૦૨૩માં ઓડિશાના બાલાસોરમાં ટ્રેન અકસ્માત થયો હતો, જેમાં કોરોમંડલ એક્સપ્રેસ ટ્રેન ટ્રેક પર ઉભી રહેલી ગુડ્સ ટ્રેનને અથડાઈ ઘઈ હતી. આ ઘટનામાં લગભગ ૩૦૦ લોકોના મોત થયા હતા.

### સિક્કીમમાં ભારે વરસાદથી તબાહી!

## સિક્કીમમાં ૧૫ વિદેશી સહિત ૧૨૦૦ પ્રવાસીઓ ફસાયા છે

। (એજન્સી) ગંગટોક, તા.૧૭ ।

સિક્કીમમાં ભારે વરસાદને કારણે લેન્ડસાઈડ થઈ રહી છે. સિક્કીમમાં અનેક વિસ્તારોમાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન થઈ રહ્યું છે. ત્યારે સિક્કીમમાં અત્યાર સુધીમાં ૬ લોકોના મોત થઈ ગયા છે. ભારે વરસાદ અને લેન્સલાઈડના કારણે અનેક જગ્યાઓ પર લોકો ફસાઈ ગયા છે. ત્યારે સિક્કીમના મંગન જિલ્લામાં જ માત્ર ૧૨૦૦ લોકો ફસાયા છે. ત્યારે હાલ સૌ કોઈ પ્રાર્થના કરી રહ્યું છે કે, આ તમામ પર્યટકોને કોઈ મદદ મળી જાય અને તેઓ આ વિસ્તારમાંથી સુરક્ષિત બહાર આવી જાયમંગન જિલ્લામાં ફસાયેલા ૧૨૦૦ પર્યટકોને અહીંથી બહાર નીકાળવાની કામગીરી આજે સોમવારથી શરુ કરવામાં આવી શકે છે. જોકે આ બચાવ કામગીરીનો આધાર ત્યાંના વાતારણ પર રહેલો છે. એક અધિકારીના જણાવ્યા અનુસાર, ૧૫ જૂનના રોજ રવિવારે પણ બચાવ કામગીરી શરુ કરવામાં આવી હતી. પરંતુ વાતારણ અનુકૂળ ન હોવાથી રેસ્ક્યુની કામગીરી રોકી દેવામાં આવી હતી. ચુંગથાંગ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ કિરણ થટાલે જણાવ્યું હતું કે, જો હવામાન અનુકૂળ રહેશે, તો હવાઈ અથવા માર્ગ દ્વારા સ્થળાંતર પ્રક્રિયા કરવામાં આવશે. તેમજ વધુમાં જણાવ્યું કે, જિલ્લા વહીવટીતંત્ર ફસાયેલા પ્રવાસીઓને રહેવાની વ્યવસ્થા કરી રહ્યું છે અને તેમના રહેવા માટે લાચુંગ શહેરની વિવિધ હોટલોમાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે, જ્યાં તેમને નજીવા દરે ભોજન આપવામાં આવે છે. તેમજ કહ્યું કે, જો કોઈ અસુવિધા થાય તો પ્રવાસીઓને લાચુંગ પોલીસ સ્ટેશનને જાણ કરવા સૂચના આપવામાં આવી છે. આ દરમિયાન, માર્ગ અને પુલ વિભાગના મંત્રી એન બી દહલ લાચુંગ પહોંચ્યા હતા અને તેમણે પર્યટકો સાથે વાતચીત કરી અને તેમની ફરિયાદો સાંભળી હતી. તેમજ તેમને વહેલી તકે સલામત સ્થળાંતર કરવાની ખાતરી આપી હતી. સિક્કિમમાં છેલ્લા કેટલાક દિવસોમાં ભારે વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનના કારણે ઓછામાં ઓછા છ લોકોના મોત થયા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, કુદરતી આપત્તિએ માળખાકીય સુવિધાઓને પણ નુકસાન પહોંચાડ્યું છે અનેક વિસ્તારોમાં વીજળી, ખાદ્ય પુરવઠો અને મોબાઈલ નેટવર્ક ખોરવાઈ ગયા છે.



### ગૌતમ અદાણી ભૂટાનના રાજા અને પીએમને મળ્યા

। (એજન્સી) ભૂટાન, તા.૧૭ ।

અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી રવિવારે થિમ્પુમાં ભૂટાનના રાજા જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચુક અને વડાપ્રધાન દાશો શેરિંગ તોબગેને મળ્યા હતા. આ દરમિયાન તેમણે ભૂતાનમાં ૫૭૦ મેગાવોટના ગ્રીન હાઈડ્રો પ્લાન્ટના નિર્માણ માટેના કરાર પર હસ્તાક્ષર કરવાની જાહેરાત કરી હતી. આ સાથે તેમણે પાડોશી દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસમાં સહયોગની પણ વાત કરી હતી. અબજોપતિ ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, અદાણી ગ્રુપ ભૂટાનમાં હાઈડ્રો અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પર સાથે મળીને કામ કરવા આતુર છે.

### અમિત શાહે છુટોદોર આપ્યા બાદ ઓપરેશન

## સુરક્ષા એજન્સીઓએ બાંદીપોરામાં એક આતંકવાદીને ઠાર કર્યો હતો

**પોલીસે એક સશસ્ત્ર આતંકવાદીને જીવતો પકડ્યો છે જે હંદવાડાના કાક્રહી ગામનો હોવાનુ સામે આવ્યું છે**

। (એજન્સી) જમ્મુ, તા.૧૭ ।

જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓએ જમ્મુ ક્ષેત્રમાં વર્તાવેલા ત્રાસને પગલે, કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે, ગઈકાલ રવિવારે તમામ મહત્વની સુરક્ષા એજન્સીઓની ઉચ્ચસ્ચરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં જમ્મુ કાશ્મીરમાંથી ત્રાસવારનો સંપૂર્ણ સફાયો કરવા માટે વિવિધ સુરક્ષા એજન્સીઓને છુટોદોર આપ્યો છે. આ બેઠક પૂર્ણ થયાના ગણતરી કલાકોમાં જ સુરક્ષાદળ અને જમ્મુ કાશ્મીર પોલીસે, બાંદીપોરામાં એક આતંકવાદીને ઠાર માર્યો છે. જ્યારે બે ત્રાસવાદીઓને ઘેરામાં ફસાવી રાખ્યાં છે. કાશ્મીરથી આવી રહેલા અન્ય એક સમાચારમાં, પોલીસે એક આતંકવાદીને જીવતો પકડ્યો છે. જે હંદવાડાના કાક્રહી ગામનો હોવાનુ સામે આવ્યું છે. જે



પાકિસ્તાન સ્થિત તેના હેન્ડલર સાથે સતત સંપર્કમાં રહ્યો હતો. બાંદીપોરાના અરગામમાં આતંકવાદીઓ હોવાની માહિતી પર, ૩ પેરા મિલેટરી ફોર્સ, ૧૩ રાષ્ટ્રીય રાઈફલ્સ અને બાંદીપોરા પોલીસના જવાનોએ અરગામને ઘેરી લીધું લઈને ગામમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. આ દરમિયાન અરગામમાં છુપાયેલા આતંકવાદીઓ તરફથી સુરક્ષા દળના જવાનો ઉપર ગોળીબાર શરૂ થયો હતો. ઉત્તર કાશ્મીરના બાંદીપોરા જિલ્લામાં ગઈકાલ રવિવારે મધરાતથી આતંકવાદીઓ સાથે અથડામણ શરુ થઈ હતી. હજુ પણ બેથી ત્રણ આતંકવાદીઓ અરગામમાં સંતાયા હોવાની આશંકા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ આતંકીઓમાંથી એક આતંકવાદી એક્રાઉન્ટર દરમિયાન માર્યો ગયો હતો. જો કે આ ઘટના અંગે સત્તાવાર પુષ્ટિ હજુ બાકી છે. જમ્મુ કાશ્મીર પોલીસના જણાવ્યા અનુસાર, બાંદીપોરા જિલ્લાના અરગામમાં આતંકવાદીઓ હોવાની માહિતી પર, ૩ પેરા મિલેટરી ફોર્સ, ૧૩ રાષ્ટ્રીય રાઈફલ્સ અને બાંદીપોરા પોલીસના જવાનોએ અરગામને ઘેરી લીધું લઈને ગામમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. ઘેરાબંધી વધુ કડક થતી જોઈને છુપાયેલા આતંકવાદીઓએ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. જવાબી કાર્યવાહીના કારણે એક્રાઉન્ટર શરૂ થયું હતું.

### સ્પીકર પદ પણ ભાજપ પોતાની પાસે રાખી શકે છે

## ડેપ્યુટી સ્પીકરનું પદ ટીડીપી અથવા જેડીયૂને મળી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

લોકસભાની ચૂંટણી પુરી થઈ ચુકી છે. નવી સરકાર પણ બની ગઈ છે. પ્રધાનમંત્રી મોદી અને તેમના મંત્રીઓએ શપથ લઈ ચુક્યા છે. હવે રાહ બસ ખાલી સંસદના આગામી સત્રની છે. ૨૪ જૂનથી તેની શરુઆત થઈ રહી છે, પણ તે પહેલા લોકસભા સ્પીકર પદને લઈને સત્તા પક્ષ અને વિપક્ષમાં ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે, ભાજપ આ પદ પોતાની પાસે રાખી શકે છે, હા ડેપ્યુટી સ્પીકરનું પદ તે ટીડીપી અથવા જેડીયૂને આપી શકે છે. રસપ્રદ વાત એ છે કે કોંગ્રેસ/ વિપક્ષ ઈચ્છે છે કે ડેપ્યુટી સ્પીકરનું પદ તેમને મળે. વિપક્ષની દલીલ છે કે ભાજપે કડિયા મુંડાને યુપીએના ડેપ્યુટી સ્પીકર બનાવ્યા હતા. ત્યારે આવા સમયે સરકારે પણ વિપક્ષનું ધ્યાન રાખવું જોઈએ. આ બાજુ સરકારના પ્રયાસો છે કે, સ્પીકરની ચૂંટણી સામાન્યથી સહમતિથી થાય. તેના માટે રાજનાથ સિંહને જવાબદારી સોંપાઈ છે. રાજનાથ સિંહ વિપક્ષી પાર્ટીઓ અને ભાજપના સહયોગી દળ સાથે વાતચીત કરીને એક સામાન્ય સહમતિ બનાવવાની કોશિશ કરશે. નવી લોકસભાનું પ્રથમ સત્ર આગામી અઠવાડીયે સોમવારે, ૨૪ જૂનથી શરુ થવા જઈ રહ્યું છે. આ દરમ્યાન નવા સાંસદોના શપથ લેવાને લઈને નવા સ્પીકરની ચૂંટણી, રાષ્ટ્રપતિનું અભિભાષણ, આ અભિભાષણમાં સરકારના કામકાજને લઈને ડ્રાફ્ટ, પ્રધાનમંત્રી, વિપક્ષનો તેના પર ધન્યવાદ થશે. ભારતીય જનતા પાર્ટીના પ્રથમ કાર્યકાળમાં મધ્ય પ્રદેશના ઈન્દોરથી સાંસદ ચૂંટાયેલા સુમિત્રા મહાજન લોકસભાના સ્પીકર હતા.

### ન્યૂઝ બ્રિફ

#### ભાજપે ચાર રાજ્યોમાં પ્રભારીઓની નિમણૂક કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

આગામી વિધાનસભા ચૂંટણી માટે ૪ રાજ્યોમાં પ્રભારીઓની નિમણૂક કરી છે. મહારાષ્ટ્રમાં ભૂપેન્દ્ર યાદવને ચૂંટણી પ્રભારી અને અશ્વિની વૈષ્ણવને ચૂંટણી સહ-પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે. હરિયાણામાં ધર્મેન્દ્ર પ્રધાનને રાજ્ય ચૂંટણી પ્રભારી અને બિપ્લબ દેબને રાજ્ય ચૂંટણી સહ-પ્રભારી બનાવવામાં આવ્યા છે. તો ઝારખંડની વાત કરીએ તો ઝારખંડની જવાબદારી શિવરાજ સિંહને સોંપવામાં આવી છે. અહીં હિમંતા બિસ્વા સરમાને સહ-પ્રભારી બનાવવામાં આવ્યા છે. આ સાથે જ જમ્મુ-કાશ્મીરની જવાબદારી જી કિશન રેડ્ડીને આપ વામાં આવી છે.હાલમાં જ દેશમાં લોકસભાની ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીના પરિણામો ૪ જૂને આવ્યા હતા. આ ચૂંટણીઓમાં ભાજપના નેતૃત્વમાં એનડીએને બહુમતી મળી છે.

#### અકસ્માતમાં સેનાના બે જવાનોના મોત અને સાત લોકો ઘાયલ થયા

। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।

દેશમાં અકસ્માતની ઘટનામાં સતત વધારો થઈ રહ્યો છે તેમાં પણ હાઈવે પર ભીષણ અકસ્માતની ઘટનાના અવારનવાર સમાચાર પ્રકાશિત થઈ રહ્યા છે. ત્યારે આજે વધુ એક અકસ્માતની ગંભીર ઘટના મહારાષ્ટ્રમાં બની છે. રીક્ષા અને બસની ટક્કરમાં બે જવાનોના મોત થયા છે જ્યારે સાત લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. મહારાષ્ટ્રના નાગપુરમાં ઓટો રીક્ષા અને બસ વચ્ચેની ભયાનક ટક્કર થતાં સેનાના બે જવાનોના મોત થયા છે. જ્યારે છ જવાનો સહિત ૭ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ અકસ્માત નાગપુરના કન્હાન બ્રિજ પર થયો હતો. ઓટો રીક્ષા અને બસ વચ્ચે સામસામે ટક્કર થઈ હતી, જેમાં ઓટો રીક્ષાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. પોલીસ પાસેથી મળેલી પ્રાથમિક માહિતી મુજબ ઓટો રીક્ષામાં ડ્રાઈવર સહિત ૯ લોકો સવાર હતા. કામઠીમાં ગાર્ડ રેજીમેન્ટ સેન્ટરના આઠ જવાનો ઓટો રિક્ષામાં મુસાફરી કરી રહ્યા હતા. ત્યારે ઝડપથી આવતી બસે રિક્ષાને અડફેટે લીધી હતી.






# કોઈ વ્યક્તિને મૂર્તિ અથવા મંદિર તોડવાની સત્તા નથી : હર્ષ સંઘવી



। (એજન્સી) ગાંધીનગર, તા.૧૭ ।

તીર્થધામ પાવાગઢમાં ગઈકાલે જૈન તીર્થંકર નેમિનાથજીની મૂર્તિ ખંડિત થવાના મુદ્દે સર્જાયેલી તંગદિલી બાદ રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ આજે આ અંગે પ્રતિભાવ આપ્યો હતો. તેમણે જણાવ્યું કે, "કોઈ વ્યક્તિને કોઈપણ મૂર્તિ અથવા મંદિર તોડવાની સત્તા નથી. આ મામલમાં તપાસ ચાલી રહી છે. મૂર્તિ ફરીથી તેના સ્થાને સ્થાપિત કરવા મુખ્યપ્રધાને આદેશ આપ્યો છે અને તે પ્રમાણે થશે."

પાવાગઢ તીર્થધામ હિન્દુ તથા જૈન બંને સમુદાય માટે મહત્ત્વનું છે. મા મહાકાળીના મંદિર સુધી પહોંચવાના માર્ગમાં અમુક જગ્યાએ પગથિયાંની બંને તરફ જૈન તીર્થંકરોની પ્રતિમાઓ જોવા મળે છે. તે ઉપરાંત ઉપર તરફ જતાં માતાના મંદિરથી થોડે પહેલાં જૈન મંદિર પણ આવેલું છે. જોકે, હવે તો બંને તીર્થ સુધી પહોંચવા માટે રોપ-વે છે, પરંતુ બંને સમુદાયના પ્રખર શ્રદ્ધાળુઓ દાદર ચડીને જ દર્શન કરવા જવાનું પસંદ કરે છે. આ દાદરમાં સમારકામની પ્રક્રિયા ઘણા સમયથી ચાલી રહી છે અને એ દરમિયાન તીર્થંકરની મૂર્તિ ખંડિત થતા જૈન સમુદાય ભારે નારાજ થયો હતો. જૈન મહારાજ સાહેબનો આક્ષેપ છે કે, કોઈએ તીર્થંકરની મૂર્તિઓ અન્યત્ર ખસેડી દીધી છે. જોકે, ગઈકાલે સાંજે જ પોલીસની દરમિયાનગીરીથી મામલો થાળે પડી ગયો હતો અને મૂર્તિઓને યથાસ્થાને રાખવા તમામ પક્ષ સંમત થયા હતા.

આ સંદર્ભમાં આજે ગૃહ રાજ્યમંત્રીએ કહ્યું કે, મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલના આદેશને પગલે મૂર્તિઓ મૂળ સ્થાને ફરી સ્થાપિત કરી દેવામાં આવી છે.

### બેન્ક મેનેજર દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવી

# કાલુપુર બેંક સાથે ચાર શખ્સો દ્વારા ઠગાઈ કરાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

શહેરમાં ગુનાખોરી એટલી હદે વધી છે કે ગુનેગારો ક્યાંય પણ ગુનો કે ચોરી કરી શકે છે . ચોરી કરવા માટે હવે બૅંકને પણ છોડી નથી. શહેરની ખ્યાતનામ બેન્કને ખોટા પુરાવા આપીને લોન મંજૂર કરી તેની રકમ ભરપાઈ કરયા વગર મિલકત અને મશીનરી બરોબર વેચીને ફરાર થઈ ગયા હતા . બનાવની જાણ થતા બેન્ક મેનેજર દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર શહેરની કાલુપુર કોમર્શિયલ કો. ઓપરેટીવ બેંકની ખોખરા બ્રાંચમાં વર્ષ ૨૦૨૧માં ચાર શખ્સોએ ધંધાના કામ અર્થે વર્ષ ૨૦૨૧થી ૨૦૨૩ સુધીમાં રૂ.૫.૦૫ કરોડની લોન મંજૂર કરાવી ત્યારબાદ થોડા વર્ષો સુધી નિયમિત તેની ભરપાઈ કરવામાં આવતી હતી. પરંતુ અચાનક એક દિવસ તેં ભરવાનું બંધ કરી દેતા બેન્ક દ્વારા તેની તપાસ કરવામાં આવતા બધી હકીકત સામે આવી હતી. વધુ માહિતી મુજબ શરૂઆતમાં થોડા વર્ષ સુધી લીધેલી લોનના રૂપિયાની ભરપાઈ કરવામાંઆવીહતીઅનેબાદમાંહપતાની ભરપાઈ કરવાનું બંધ કરી દીધું હતું. જ્યારે બેંક દ્વારાપ્રોપર્ટીસીઝકરવાનીકાર્યવાહીહાથધરવામાં આવી ત્યારે જાણ થઈ કે બેંકમાં ગેરંટી માટે જે દસ્તાવેજો, પ્રોપર્ટી તથા અન્ય ચીજવસ્તુઓ જેવી કે મશીનરી તે તમામ બેંકની જાણ બહાર બરોબર વેચી નાંખી હતી. ચાર આરોપીએ વર્ષ ૨૦૨૧થી ૨૦૨૩ સુધીમાં માત્ર રૂ.૧.૨૫ કરોડની ભરપાઈ કરી અને બાકીના રૂ.૩.૮૯ કરોડની ઠગાઈ આચરી હોવાનું સામે આવ્યું છે.આ અંગે બેંકના મેનેજરે સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા ચાર શખ્સો વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. ખોખરામાં આવેલી કાલુપુર કોમર્શિયલ કો.ઓપરેટીવ બેંકમાં મેનેજર તરીકે નોકરી કરતા મનોજ વર્માએ નોંધાવેલી ફરિયાદમાં વિગતો એ મુજબની જાણવા મળી રહી છે કે બેંક દ્વારા ચાર પ્રકારની યોજનાઓ હેઠળ સરળ વ્યાજે નાણાં ધિરાણ આપવામાં આવે છે. ગત વર્ષ ૨૦૨૧ના ઓગસ્ટ મહિનામાં બેંકની જુદી જુદી યોજનાઓ હેઠળ ચાર શખ્સોને વર્ષ ૨૦૨૧થી ૨૦૨૩ના સમયગાળા દરમિયાનમાં કુલ રૂ.૫.૦૫ કરોડની ધંધાકીય લોન મંજૂર કરવામાં આવી હતી.જેમાં સિક્યોરિટી પેટે બેંક્રે તેમની પ્રોપર્ટી તથા મશીનરી અને અન્ય મિલકતો ગેરવી લીધેલી હતી.વર્ષ ૨૦૨૧ના ઓગસ્ટ મહિનામાં રૂ.૪.૭૫ કરોડની લોન માટેની અરજી કરવામાં આવી હતી. બેંક દ્વારા વર્ષ ૨૦૨૧ના ડિસેમ્બર મહિનામાં રૂ.૪.૫ કરોડની લોન મંજૂર કરી હતી. ત્યારબાદ વધુ રૂ.૧ કરોડની લોન માટે વર્ષ ૨૦૨૨માં અરજી કરવામાં આવી હતી જેની મંજૂરી બેંક્રે વર્ષ ૨૦૨૩ના જાન્યુઆરી મહિનામાં આપી હતી. કુલ રૂ.૫.૦૫ કરોડની ધંધા માટેની લોન મંજૂર કરાવીને ચાર શખ્સોએ માત્ર રૂ.૧.૨૫ કરોડના હપતા ભરપાઈ કર્યા હતા.



ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરતા સીઆર પાટીલ.

### સાયબર ક્રાઇમ હેલ્પ લાઇન ૧૯૩૦ છે

# સાયબર ગઠિયા સામે સાયબર સેલ ફ્લોપ પાંચ મહિનામાં ૫૩૦૦૦ ફરિયાદ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

ઓનલાઈન ગૂગલ રિવ્યૂ, શેરબજારમાં વળતર અને પાર્સલમાં ડ્રગ્સના નામે છેતરપિંડી કરીને લોકો પાસેથી લાખો રૂપિયા પડાવવાની ઘટનાઓમાં ચિંતાજનક વધારો થયો છે. માત્ર ગુજરાતમાં જ છેલ્લાં પાંચ મહિના દરમિયાન સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર '૧૯૩૦' ઉપર ૫૩૦૦૦ ફરિયાદ આવી છે. જેમાં અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા જેવા શહેરોની સાથે નાના શહેરોમાં પણ લોકોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે. આ સંદર્ભમાં પોલીસે સમગ્ર રાજ્યમાં એક જાગૃતિ કેળવવા માટે ખાસ ડ્રાઈવ શરૂ કરવાનું નક્કી કર્યું છે. જુદી જુદી રીતની ઠગાઈમાં લોકોએ ૧૦૦ કરોડ રૂપિયા ગુમાવ્યા છે. સાયબર ક્રાઈમ બ્રાંચ અને સાયબર પોલીસ મથકો માત્ર ફરિયાદ નોંધી તપાસ કરી રહ્યા છે.

લોકોના ગયેલા રૂપિયા પૈકી ૧૦ ટકા પણ પરત આવ્યા હોય તેવું જાણી શકાયું છે. બીજી તરફ સાયબર ક્રાઈમ પોલીસ મથકના બાબુ પટેલ અને જાડેજા જેવા અધિકારીઓ જુદી જુદી ફરિયાદોની તપાસમાં તોડ કરી પોલીસની ઈમેજ બગાડી રહ્યા હોવાની ચર્ચા છે. જે રીતે લોકો ઠગાઈ રહ્યા છે તે જોતાં ૧૨ ફેલ સાયબર ગઠિયા આગળ એમટેક થયેલા પોલીસના સાયબર એક્સપર્ટ ફ્લોપ સાબિત થઈ રહ્યા છે. ગુજરાતમાં હવે શરીર સંબંધિત કે અન્ય પ્રકારના ગુનાઓના પ્રમાણમાં સાયબર ક્રાઈમમાં અનેકગણો વધારો થયો છે. જેમાં ચોંકાવનારા આંક બહાર આવ્યા છે. સાયબર ક્રાઈમ હેલ્પ લાઈન ૧૯૩૦ પર માત્ર પાંચ મહિનાના સમયગાળામાં જ ૫૩૦૦૦ જેટલી ફરિયાદો નોંધવામાં આવી છે. એક અંદાજ મુજબ ૧૦૦ કરોડની લોકો સાથે ઠગાઈ થઈ છે. અમદાવાદ સાયબર ક્રાઈમ સેલના એસીપી હાર્દિક માકડિયાએ જણાવ્યું કે ઓનલાઈન છેતરપિંડીની કેટલીક ચોક્કસ મોડસ ઓપરેન્ડીથી સૌથી વધારે છેતરપિંડી થયાનું સામે આવ્યું છે. જેમાં ચાઈનીઝ ગેંગની સંડોવણી પણ ખુલી છે. પ્રથમ મોડસ ઓપરેન્ડીમાં વિવિધ જગ્યાના ગૂગલ રિવ્યૂ કરવાની સામે બેંકમાં નાણાં જમા કરાવવામાં આવે છે. જે બાદ પ્રિપેઈડ ટાસ્કના નામે રૂપિયા લઈને અનેક ગણો નફો ઓનલાઈન બતાવવામાં આવે છે. જે મેળવવાની લાલચમાં લોકો નાણાં ગુમાવે છે.

### દરેક જિલ્લામાં સાયબર ક્રાઇમ સેલ ઊભા કરાયા પરંતુ લોકોના ગયેલા રૂપિયા પરત આવતા નથી

**મોડસ ઓપરેન્ડીમાં ફેસબુક પર શેરબજારના ટ્રેડિંગ પર ટીપ્સ અપાવવાનું કહીને વિશ્વાસ કેળવીને રોકાણ પર તગડો નફો બતાવીને નાણાં મેળવવા માટે ટેક્સ કે પ્રોસેસિંગ ફીના નામે છેતરપિંડી કરવામાં આવે છે. આ બંને છેતરપિંડીમાં લાલચને કારણે લોકો આસાનીથી ટાર્ગેટ બને છે. ત્રીજી મોડસ ઓપરેન્ડીમાં પાર્સલમાં ડ્રગ્સ અને નકલી પાસપોર્ટ હોવાનું કહીને એનસીબી કે મુંબઇ ક્રાઇમ બ્રાંચમાં કેસ કરવાનું કહીને સેટલમેન્ટના નામે કે એસેસ્ટ વેરિફિકેશનના નામે લોકો ડરીને કરોડો રૂપિયા ગુમાવે છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોને કિસાન સહાય યોજનાના નામે કોલ કરીને ઓનલાઇન લિંક મોકલીને બેંકના એકાઉન્ટ ખાલી કરવામાં આવ્યાના કિસ્સા સામે આવ્યા છે.**

# ઝાલોદ નગરમાં ઈદુલ અઝહાની મુસ્લિમ બિરાદરોએ નમાજ અદા કરી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ ।

ઈસ્લામ ધર્મના મહાન પયગંબર હજરત ઈબ્રાહિમ અલેહી સલામ અને તેમના વ્હાલા પુત્ર હજરત ઈસ્માઈલ અલેહી સલામની યાદમાં આજે ઝાલોદના મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદુલ-અઝહાની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.

ઈસ્લામ ધર્મના માહે ઝીલહજજ માસનો પ્રથમ ચાંદ દેખાયા બાદ ૧૦મા ચાંદે આજરોજ ઝાલોદમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદુલ અઝહાની ઉજવણી કરવામાં આવી. ઈસ્લામ ધર્મના મહાન પયંગબર હજરત ઈબ્રાહિમ અલેહી સલામ અને હજરત ઈસ્માઈલ સલામની યાદમાં ઈદુલ અઝહા (બકરી ઈદ)નો તહેવાર મનાવવામાં આવે છે.



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ઈદુલ અઝહા અને કુરબાનીની ઈદ તરીકે પણ ઓળખાતા આ તહેવારના દિવસે મુસ્લિમ બિરાદરો દ્વારા વહેલી સવારે ઈદગાહ અને જુદી જુદી મસ્જિદોમાં ખાસ નમાજ અદા કરવામાં આવે છે જે અંતર્ગત આજરોજ ઝાલોદ નગરમાં આવેલ મુસ્લિમ ઘાંચી સમાજ ઈદગાહ માં ઈદની નમાજ અદા કરવામાં આવી.

**ઈદુલ અઝહા અને કુરબાનીની ઈદ તરીકે પણ ઓળખાતા**

આ તહેવારના દિવસે મુસ્લિમ બિરાદરો દ્વારા વહેલી ઈદગાહ અને જુદી જુદી મસ્જિદોમાં ખાસ નમાજ અદા કરવામાં આવે છે.આ તહેવારને અનુલક્ષીને ઝાલોદ નગર મુસ્લિમ વિસ્તારો તેમજ મસ્જિદો આસપાસ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો .ઈદુલ અઝહાના તહેવારને લઈ મુસ્લિમ સમાજમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નોંધનિય છે કે, ઝીલહજજ માસના પહેલા ચાંદથી નવ ચાંદ સુધીમાં ઘણાં મુસ્લિમ બિરાદરોએ નીફલ રોજા પણ રાખ્યા હતા. ઝીલહજજ માસમાં મક્કા મદીનાશરીફમાં પવિત્ર હજયાત્રાએ પણ જવાનું મહત્વ રહેલું છે અને આ દિવસોમાં જ હજ કબૂલ થાય છે તેની ખુશીમાં પણ ઈદનો તહેવાર મનાવવામાં આવે છે.

# કૂડાસણ ગાંધીનગર પ્રથમવાર VRINDAARA લઈને આવ્યું છે ભવ્ય જ્વેલરી હાઉસ

। ગાંધીનગર, તા.૧૭ ।

સોના-ચાંદીના આભુષણની બનાવટમાં અમદાવાદ દુનિયાભરમાં આગવી નામના ધરાવે છે. અમદાવાદ માં ગોલ્ડ જવેલરીના ખાસ શો-રુમ **VRINDAARA** નો પ્રારંભ થયો છે.સોના, ચાંદી, ડાયમંડના આભૂષણના વેંચાણ ક્ષેત્રે આગવું નામ ધરાવતા પ્રજાપતિ કુટુંબના સંચાલકો દ્વારા તેમના નવા શો રુમનો પ્રારંભ કરાયો છે.

હવે ગાંધીનગરના ઘર આંગણે મળશે શાનદાર સજાવટ સાથે ભવ્યાતિભવ્ય અને નવીનતમ આભૂષણોની અદ્ભુત શ્રેણી એ પણ ખૂબ જ વ્યાજબી મજૂરી સાથે. જ્યાં ગ્રાહકોને મળશે. નવવધૂ માટે જ્વેલરીની વિશાળ કલેકશન, આધુનિક યુવતી માટે ટ્રેન્ડી રોઝ ગોલ્ડ કલેક્શન, આજની આધુનિક નારીનો વૈભવી રિયલ ડાયમંડ કલેક્શન. આજના સમયના દરેક વર્ગની પ્રથમ પસંદગી લેબ ગ્રૌન ડાયમંડ જ્વેલરી મનમોહક કલેક્શન,ભેટ અને સોગાદમાં હંમશાં માટે શ્રેષ્ઠ ૯૨૫ સ્ટરલિંગ સિલ્વર જ્વેલરીની નયનરમય રેન્જ,સ્વાસ્થયની જડીબુટ્ટી એવા ચાંદીના વાસણોની શ્રેણી,ભક્તથી ભગવાન સુધી પુજાના વાસણોની શ્રેણી,બાળકોથી લઈને વુદ્ધ સુધી દરેકની પસંદગીનું પૂર્ણવિરામ એટલે **VRINDAARA**

**ધ અલ્ટીમેટ જ્વેલરી ડેસ્ટીનેશન**

**VRINDAARA** શો રૂમ ના માલિક અલ્પેશ ભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, અમારી અવિરત સફર જેની સરુઆત ૨૦૦૩ થી ૧૫૦ ફૂટ ચાંદખેડા, અમદાવાદના શોરૂમ સાથે થઈ હતી, જેને અમે ૨૦૧૨ માં ૩૦૦ ફૂટ અને ૨૦૨૧ માં ૧૦૦૦ ફૂટના વિસ્તાર સુધી વિસ્તારી અને હવે ૨૦૨૪માં ગાંધીનગરના વિકસિત વિસ્તાર કૂડાસણમાં ૫૦૦૦ ફૂટનો ભવ્ય જવેલરી શોપિંગ શોરૂમ સાથે તારીખ ૧૭, ૧૮ અને ૧૯ જૂન ૨૦૨૪ માં સુવર્ણ ગાથા મહોત્સવ સાથે જેમાં મળશે દરેક જ્વેલરીની મજૂરી પર ૫૦%ની આકર્ષક છૂટ મળશે.

## વિશેષ

### અંદાજપત્ર ૨૦૨૪-૨૫ની સામાન્ય ચર્ચા પર કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ

# પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવાથી ઉત્પાદન ઓછું થતું નથી, ઉલટાનું ઉત્પાદન વધે છે અને તેની ગુણવત્તા પણ સુધરે છે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

### રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શનમાં આજે ગુજરાતમાં કૃષિક્ષેત્રે નવીન પરિવર્તનનો દોર ચાલી રહ્યો છે : વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી

। (માહિતી) અમદાવાદ ।

અમદાવાદ ખાતે ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક - ખેતી બેંકની ૭૨મી વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી. આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો હતો. વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અંતર્ગત રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ઉપસ્થિત ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે માર્ગદર્શન પૂરું પાડતાં જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવાથી ઉત્પાદન ઓછું થાય છે એ તદન ખોટી માન્યતા છે. ઉલટાનું પ્રાકૃતિક કૃષિમાં ઉત્પાદન વધે છે અને વધુ સારી ગુણવત્તાવાળું સ્વાસ્થ્યપ્રદ ઉત્પાદન મળે છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાસાયણિક ખાતર અને પેસ્ટીસાઈડ્સના બેફામ ઉપયોગ સામે ચેતવણી આપતાં કહ્યું કે, જો આ જ રીતે આપણે ખેતી કરતા રહીશું તો આવનારા વર્ષોમાં આપણી જમીન પથ્થર જેવી થઈ જશે, પાણી પીવાલાયક નહીં રહે, બિનઆરોગ્યપ્રદ ખોરાકને કારણે કેન્સર, ડાયાબિટીસ અને હૃદયરોગ જેવા જીવલેણ રોગો વધશે, ધરતી વેરાન થઈ જશે. આપણી આવનારી પેઢી માટે આપણે બરબાદીનો માર્ગ કંડારી રહ્યા છીએ.

પ્રાકૃતિક ખેતી પદ્ધતિના અનેક ફાયદાઓ વિશે વાત કરતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી અપનાવવાથી બે વર્ષમાં જમીનની ફળદ્રુપતા પાછી આવશે. જમીનની ભેજ સંરક્ષણ ક્ષમતા વધશે અને વધુને વધુ વરસાદી પાણી ભૂગર્ભજળ સ્વરૂપે જમીનમાં ઉતરશે. પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો અપનાવવાથી જમીનમાં મિત્ર કીટક (જમીનમાં વસતા સૂક્ષ્મજીવો) વધશે. તેઓ વાતાવરણમાંથી શુદ્ધ નાઈટ્રોજન મેળવીને પાકને પૂરો પાડશે. જેના લીધે જમીનની ગુણવત્તા સુધરશે તેમજ શુદ્ધ ખોરાકના લીધે સમાજમાં ગંભીર રોગો પણ ઓછા થશે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિ અને જૈવિક કૃષિ વચ્ચેનો તફાવત સમજાવતાં કહ્યું કે, ઘણાં ખેડૂતો



પ્રાકૃતિક ખેતીને જૈવિક ખેતી (ઑર્ગેનિક ફાર્મિંગ) સમજે છે. જૈવિક ખેતી વિદેશી અળસિયા પર આધારિત હોય છે. તેમાં ખૂબ મોટી માત્રામાં છાણ અને વિદેશથી આયાત કરેલા અળસિયા જોઈએ છે. આ પદ્ધતિ વધુ ખર્ચાળ અને પર્યાવરણને નુકસાનકર્તા છે, તેમજ ખેત ઉત્પાદનમાં પણ વધારો નથી થતો. જ્યારે પ્રાકૃતિક ખેતી ગાય આધારિત, સરળતાથી અપનાવી શકાય તેવી, સસ્તી અને પર્યાવરણને અનેક ફાયદા કરાવનારી હોય છે. દેશી ગાયના ગૌમૂત્ર અને ગોબરથી તથા ખેડૂતના ઘરમાં ઉપલબ્ધ ગોળ અને બેસન જેવી ઘરેલુ સામગ્રીથી જ જીવામૃત અને ઘનજીવામૃત તૈયાર થઈ જાય છે. પ્રાકૃતિક ખેતી પદ્ધતિ સૂક્ષ્મ જીવાણુ, મિત્ર કીટક, ગાય અને દેશી અળસિયા આધારિત ખેતી છે. દેશી ગાયના ગૌમૂત્ર-ગોબરથી સૂક્ષ્મ જીવાણુઓની માત્રા વધે છે, જેનાથી ધરતી ફળદ્રુપ બને છે. અળસિયા અને મિત્ર કીટક ધરતીનો ઓર્ગેનિક કાર્બન વધારે છે. ભૂમિની ગુણવત્તા સુધરે છે. ખેડૂતોને બહારથી કોઈ જ વસ્તુઓ લાવીને પાકમાં નાખવાની જરૂર નથી, એટલે ખર્ચ પણ ઓછો આવે છે અને ઉત્પાદન વધે છે એમ તેમણે ઉમેર્યું હતું. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મિશન મોડ પર પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે અને તેના પ્રસાર માટે કામગીરી કરવા અનુરોધ કર્યો છે. વડાપ્રધાનશ્રીના સતત માર્ગદર્શનમાં રાજ્ય સરકાર ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્નશીલ છે. રાજ્યના જિલ્લાઓમાં પાંચ ગામોના ક્લસ્ટર બનાવીને પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતોને તૈયાર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. સખીમંડળની બહેનોને પણ પ્રાકૃતિક ખેતીનું પ્રશિક્ષણ આપીને આ કાર્યમાં સામેલ કરવામાં આવી છે. છ્સ્છ(આત્મા)ના કર્મચારીઓ અને પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી રહી છે.

આજે ગુજરાતમાં ૯,૨૮,૦૦૦ જેટલા ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી છે. આ વર્ષે નવા ૧૦ લાખ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સાથે જોડવાનો રાજ્ય સરકારનો લક્ષ્યાંક છે. વધુને વધુ ખેડૂતો ઝડપથી પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવે એ અત્યારના સમયની માંગ છે એમ તેમણે ઉમેર્યું હતું. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતીનું વિગતવાર પ્રશિક્ષણ પૂરું પાડીને સૌ ઉપસ્થિત ખેડૂતોને પ્રાકૃતિક ખેતી જ કરવાનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી કરી રહેલા ખેડૂતો સાથે સંવાદ પણ સાધ્યો હતો. ખેતી બેંકની વાર્ષિક સામાન્ય સભામાં ઉપસ્થિત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શનમાં આજે ગુજરાતમાં કૃષિક્ષેત્રે નવીન પરિવર્તનનો દોર ચાલી રહ્યો છે.

**ન્યૂઝ બ્રિફ**

## વિદેશી મહિલાએ ૧૨ દિવસમાં ૧૦૦૦ કિમી દોડી બનાવ્યો રેકોર્ડ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

૫૨ વર્ષીય મહિલાએ યુવાનોને શરમાવે તેવું સાહસ કર્યું છે. માત્ર ૧૨ દિવસમાં ૧૦૦૦ કિમી દોડીને મોટી સિદ્ધિ હાંસલ કરનારી નતાલી ડાઉ હવે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ સર્ટિફિકેટની રાહ જોઈ રહી છે. તેણે માત્ર ૧૨ દિવસમાં થાઈલેન્ડ, મલેશિયા અને સિંગાપોરમાંથી પસાર થતા વિશાળ યાત્રા પૂરી કરી છે. આ દરમિયાન તેને ઘણી સમસ્યાઓનો પણ સામનો કરવો પડ્યો હતો. આકરી ગરમીનો સામનો કરતા ડાઉના શૂઝ પણ પીગળી ગયા હતા. ૫૨ વર્ષીય ડાઉની આ ઐતિહાસિક યાત્રા ૫ જૂનના રોજ સિંગાપોરમાં સમાપ્ત થઈ. નતાલી ડાઉએ કહ્યું કે, ચાર દિવસમાં આજે પહેલીવાર છે જ્યારે મેં એ સવાલ કર્યો છે કે શું ખરેખર મેં આ કામ પૂરું કરી દીધું? મને સ્પોર્ટ્સ સાથે સબંધિત પડકારો પસંદ છે પરંતુ એવી સમસ્યાઓને ધિક્કારું છું, જે વારંવાર આવે છે. તેણે કહ્યું કે, એ વાતથી કોઈ ફરક નથી પડતો કે, તમે પહેલા નંબર પર આવો છો કે, છેલ્લા નંબર પર આવો છે. તમે કંઈક એવું કર્યું છે જે વિશ્વની ૦.૦૫ ટકા વસ્તી ક્યારેય નહીં કરી શકશે. ખાસ વાત એ છે કે દોડતી વખતે નતાલી ડાઉએ ૩૫ ડિગ્રી સેલ્સિયસ જેટલા ગરમ તાપમાનનો સામનો કર્યો છે. પ્રથમ દિવસથી જ પહેલા તે કમરની ઈજાનો સામનો કરી રહી છે.

## અમેરિકાની એક કોર્ટે કંપની પર ૧૬૨૦ કરોડનો દંડ ફટકાર્યો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૭ ।

દેશની અગ્રણી આઈટી કંપની ટાટા કન્સલ્ટન્સીને કરોડોનો ફટકો પડ્યો છે. અમેરિકાની એક કોર્ટે ટાટા ગ્રુપની આઈટી કંપની પર કરોડો રૂપિયાનો દંડ ફટકાર્યો છે. કંપનીએ પોતે આ માહિતી આપી છે. હકીકતમાં, એક અમેરિકન કોર્ટે TCS પર અમેરિકન IT સર્વિસિસ ફર્મ DXC ના ટ્રેડ સિક્રેટનો દુરુપયોગ કરવા બદલ ૧૯૪ મિલિયન ડોલર એટલે કે ૧૬૨૦ કરોડનો દંડ ફટકાર્યો છે. કોર્ટે TCSને ૫૬ મિલિયન ડોલરનું વળતર અને CSCને ૧૧૨ મિલિયન ડોલરનું અનુકરણીય નુકસાન ચૂકવવા કહ્યું છે. TCS દ્વારા શેરબજારોને આપવામાં આવેલી માહિતી અનુસાર, તેના પર લાદવામાં આવેલ દંડ ૧૯૪.૨ મિલિયન ડોલરથી વધુ છે, જેમાં ૫૬૧.૫ મિલિયન ડોલરનું વળતર નુકસાન, ૧૧૨.૩ મિલિયન ડોલરનું અનુકરણીય નુકસાન અને ૨૫.૮ મિલિયન ડોલરનું પૂર્વગ્રહ વ્યાજનો સમાવેશ થાય છે. ભારતીય ચલણમાં દંડની કુલ રકમ અંદાજે રૂ. ૧,૬૨૨ કરોડ થાય છે. ૨૦૧૮ માં TCS ને યુએસ વીમા કંપની ટ્રાન્સમેરિકા પાસેથી ૨.૫ બિલિયન ડોલરનું કામ મળ્યું હતું.

### રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા ડોનાલ્ડ ટ્રમ્પનું નવું પગલું

# 'જો તમે અમને મત આપો તો અમે દેશનિકાલ અભિયાન શરૂ કરીશું'

**મિશિગનમાં એક કોન્ફરન્સને સંબોધતા ટ્રમ્પે સમર્થકોને નવેમ્બરની ચૂંટણીમાં એવા રાષ્ટ્રપતિ માટે મત આપવાનું આહ્વાન કર્યું જે દેશમાંથી "કટ્ટરપંથી ઇસ્લામિક આતંકવાદીઓને" ભગાડે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।



ટ્રમ્પે ચૂંટણી પહેલા અનેક પ્રસંગોએ પોતાની ઈમિગ્રન્ટ વિરોધી નીતિઓનો ઉલ્લેખ કર્યો છે. શનિવારે, આડકતરી રીતે આઈએસઆઈએસ સાથેના શંકાસ્પદ લિંક્સ સાથે આઠ લોકોની તાજેતરમાં ધરપકડનો ઉલ્લેખ કરતા, ટ્રમ્પે કહ્યું, 'અમારો દેશ અત્યારે ક્યારેય આટલા જોખમમાં નહોતો.' ભૂતપૂર્વ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦૨૪ ની રાષ્ટ્રપતિની રેસ માટે રિપબ્લિકન ઉમેદવાર છે. તેમણે વચન આપ્યું છે કે જો તેઓ ફરીથી સત્તામાં આવશે તો અમેરિકાના ઈતિહાસનું સૌથી મોટું દેશનિકાલ ઓપરેશન હાથ ધરવામાં આવશે.મિશિગનમાં એક કોન્ફરન્સને સંબોધતા ટ્રમ્પે સમર્થકોને નવેમ્બરની ચૂંટણીમાં એવા રાષ્ટ્રપતિ માટે મત આપવાનું આહ્વાન કર્યું જે દેશમાંથી "કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદીઓને" ભગાડે.તેમણે કહ્યું, 'નવેમ્બરમાં દરેક મતદાતા માટે પસંદગી સ્પષ્ટ છે. તમારી પાસે એવા રાષ્ટ્રપતિ હોઈ શકે છે જે હજારો કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદીઓને આપણા દેશમાં પ્રવેશવા દેશે અથવા તમે એવા રાષ્ટ્રપતિને પસંદ કરી શકો છો જે કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદીઓને આપણા દેશમાંથી ભગાડી દેશે.'તેમણે ભારપૂર્વક કહ્યું, 'મારા નવા વહીવટના પ્રથમ દિવસે, અમે અમેરિકન ઈતિહાસમાં સૌથી મોટી દેશનિકાલ અભિયાન શરૂ કરીશું.

### ૨ બાળકો સહિત ૧૦ લોકો ઘાયલ

# અમેરિકામાં ફરી ફાયરિંગ, આ વખતે વોટર પાર્ક બન્યો નિશાન

**અમેરિકાના મિશિગન રાજ્યના સૌથી મોટા શહેર ડેટ્રોઇટ પાસેના વોટર પાર્કમાં થયેલા ગોળીબારમાં બે બાળકો સહિત ૧૦ લોકો ઘાયલ થયા છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।



શનિવારે અમેરિકાના મિશિગન રાજ્યના સૌથી મોટા શહેર ડેટ્રોઈટ પાસેના વોટર પાર્કમાં થયેલા ગોળીબારમાં બે બાળકો સહિત ૧૦ લોકો ઘાયલ થયા છે. ફાયરિંગની આ ઘટના રોચેસ્ટર હિલ્સના ચિલ્ડ્રન વોટર પાર્કમાં બની હતી. ઓકલેન્ડ કાઉન્ટીના શેરિફ માઈકલ બાઉચાર્ડે જણાવ્યું હતું કે ગોળીબાર બાદ હુમલાખોર નજીકના ઘરમાં છુપાઈ ગયો હતો. પોલીસે ઘરને ઘેરી લીધું અને અંદર પ્રવેશતા જ શંકાસ્પદ વ્યક્તિ મૃત મળી આવ્યો. ફાયરિંગમાં ઘાયલ બાળકો અને અન્ય લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઓકલેન્ડ કાઉન્ટી પોલીસના જણાવ્યા અનુસાર, શંકાસ્પદ વ્યક્તિ શનિવારે સાંજે ૫ વાગ્યાની આસપાસ રોચેસ્ટર હિલ્સમાં ઓબર્ન સ્પ્લેશ પેડ પર પહોંચ્યો હતો અને તેના વાહનમાંથી બહાર નીકળીને ગોળીબાર કર્યો હતો. શેરિફ માઈકલ બાઉચાર્ડે જણાવ્યું હતું કે હુમલાખોરે ૯ એમએમ સેમી-ઓટોમેટિક ગ્લોકમાંથી લગભગ ૩૦ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ઘટનાસ્થળેથી એક બંદૂક અને ત્રણ ખાલી મેગેઝીન મળી આવ્યા છે. એવું માનવામાં આવે છે કે આ બંદૂકથી ફાયરિંગ કરવામાં આવ્યું હતું.



નવી દિલ્હીમાં ઈંગેલેરીમાં બેઠક દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા સાથે મુલાકાત કરી.

### આરોગ્ય મંત્રાલય દ્વારા લોકોને એલર્ટ કરાયા

## મક્કામાં ભીષણ ગરમીમાં ૬ હજયાત્રીના મોત નિપજ્યા

। મક્કા, તા.૧૭ ।

આ વર્ષે હજ દરમ્યાન તાપમાનનો પારો ૪૮ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની સાઉદી અધિકારીઓની ચેતવણી વચ્ચે મક્કામાં ભીષણ ગરમીને કારણે અત્યાર સુધીમાં છ હજ યાત્રીઓના મોત થયા છે. તમામ ૬ મૃતકો જોર્ડનના નાગરિક હોવાની અને જેદ્દાહમાં સાઉદી સત્તાવાળાઓ સાથે દફનવિધિ અને તેમના મૃતદેહને જોર્ડન પરત લાવવાની શક્યતા બાબતે સંકલન કરાઈ રહ્યું હોવાની માહિતી જોર્ડનના વિદેશ મંત્રાલયે આપી હતી. શનિવારના રોજ હજ યાત્રાની મુખ્ય ઘટના ગણાતી અરાફાત પર્વત પર શ્રદ્ધાળુઓ એકઠા થયા ત્યારે આ મૃત્યુના સમાચાર આવ્યા. જોર્ડને અગાઉ જણાવ્યું હતું કે આ વર્ષે તેના સત્તાવાર ડેલિગેશનમાં ચાર હજારથી વધુ યાત્રાળુઓ હતા. જો કે પછી વિદેશ મંત્રાલયે સ્પષ્ટતા કરી કે છ મૃતકો સત્તાવાર ડેલિગેશનનો હિસ્સો નહોતા અને તેમની પાસે યાત્રા કરવા માન્ય હજ લાયસન્સ નહોતું. આરોગ્ય મંત્રાલયના પ્રવક્તા મોહમ્મદ અલ-અબ્દુલઅલીના જણાવ્યા અનુસાર, હજ અધિકારીઓએ લોકોને છત્રી સાથે રાખવાની અને ભારે ગરમીમાં સમયાંતરે પાણી પીતા રહેવાની સલાહ આપી છે.

### ભારે વિરોધ થતાં માંગવી પડી માફી

# પોપને મળ્યા ભગવાન, કટાક્ષના ચક્કરમાં ફસાઈ કોંગ્રેસ પાર્ટી

**ટ્વિટ પર વિવાદ વધવાથી કોંગ્રેસ પાર્ટીએ પોતાના એક્સ હેન્ડલ પરથી ટ્વિટ હટાવી દીધી અને માફી માંગી, કટાક્ષના ચક્કરમાં ફસાઈ કોંગ્રેસ પાર્ટી**

। (એજન્સી) રોમ, તા.૧૭ ।




વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈટાલીમાં G-7 કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. જ્યાં તેઓ પોપ ફ્રાન્સિસને પણ મળ્યા હતા. એવામાં શુક્રવારે પોપ સાથે પીએમ મોદીની મુલાકાતની તસવીર પોસ્ટ કરતા કેરળ કોંગ્રેસે ટ્વિટ કર્યું હતું કે, આખરે પોપને ભગવાનને મળવાનો મોકો મળ્યો.' આ ટ્વિટ પર વિવાદ વધવાથી પાર્ટીએ પોતાના એક્સ હેન્ડલ પરથી ટ્વિટ હટાવી દીધી અને માફી માંગી. ભાજપના નેતાઓએ કોંગ્રેસની આ પોસ્ટ સામે વાંધો ઉઠાવ્યો હતો અને કોંગ્રેસને ઠપકો આપ્યો હતો. ભાજપ નેતા અમિત માલવિયાએ કોંગ્રેસની પોસ્ટ શેર કરતા લખ્યું કે હિન્દુઓની મજાક ઉડાવ્યા બાદ અને તેમની આસ્થાની મજાક ઉડાવ્યા બાદ કોંગ્રેસમાં ઈસ્લામિક-માર્કસવાદી સાંઠગાંઠ હવે ઈસાઈઓનું અપમાન કરવા પર ઉતરી આવી છે. અમિત માલવિયા ઉપરાંત કે. સુંદરન, અનીલ એન્ટની અને કેન્દ્રીય મંત્રી જ્યોર્જ કુરિયન જેવા નેતાઓએ પણ કોંગ્રેસની આવી પોસ્ટની ટીકા કરી હતી.

### બાદમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યો

# દિલ્હી એરપોર્ટ પર સોમવારે પાવર કટના કારણે પેસેન્જર્સને હાલાકી

**એરપોર્ટ પર પાવર કટના કારણે ડિજિ યાત્રી, ચેક-ઈન બેગેજ-અન્ય સુવિધાઓને અસર**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।



દિલ્હીનું એરપોર્ટ ભારતના સૌથી વ્યસ્ત એરપોર્ટમાં સામેલ છે. પરંતુ મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે દિલ્હી એરપોર્ટ પર સોમવારે પાવર કટના કારણે એરપોર્ટની સેવાઓ થોડા સમય માટે સ્થગિત થઈ ગઈ હતી. રિપોર્ટ્સ પ્રમાણે પાવર કટ લગભગ બેથી પાંચ મિનિટ સુધી રહ્યો હતો. પાવર કટને કારણે ચેક-ઈન અને બોર્ડિંગ સહિતની કામગીરીને થોડા સમય માટે અસર થઈ હતી. ટીવી અહેવાલો રિપોર્ટ્સ પ્રમાણે એરપોર્ટ પર પાવર ગ્રીડમાં ખામીને પગલે આઉટેજની જાણ કરવામાં આવી હતી. બાદમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો અને તમામ કામગીરી સામાન્ય રીતે ચાલી રહી હતી. એક એરપોર્ટ અધિકારીએ જણાવ્યું હતું કે પાવર બેક-અપ પર ખસેડવામાં આવે તે પહેલાં આઉટેજ બે થી ત્રણ મિનિટ સુધી ચાલ્યો હતો અને બોર્ડિંગ ગેટ પર સામાન-લોડિંગ, ડિજીયાત્રા અને એર-કંડિશનર જેવી પ્રક્રિયાઓ ફરીથી બુટ થઈ હતી. અધિકારીએ ઉમેર્યું હતું કે, એસીના ઊંચા લોડને લીધે, તેને ફૂલ-પાવર પર પાછા ફરવામાં થોડી મિનિટો લાગી. ડિજી યાત્રા જેવી સિસ્ટમ્સ ફરીથી રીબૂટ થઈ અને તે પછી તરત જ કાર્યરત થઈ ગઈ હતી.

### ગુવાહાટીથી પોલીસના હાથે ઝડપાયો

## ગર્ભવતી પત્ની અને માતા-પિતાની હત્યા, આજીવન કેદમાં પેરોલ મેળવીને ભાગી ગયો

**એક વર્ષની મહેનત બાદ ક્રાઈમ બ્રાન્ચે એક દુષ્ટ હત્યારાની ધરપકડ કરી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

લગભગ એક વર્ષની મહેનત બાદ દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે એક એવા દુષ્ટ હત્યારાની ધરપકડ કરી છે જેણે તેની ગર્ભવતી પત્ની અને વૃદ્ધ માતા-પિતાની નિર્દયતાથી હત્યા કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી નીતિન વર્માએ અગાઉ તેની ગર્ભવતી પત્નીનું ઘરના પહેલા માળની સીડી પર ગળું કાપીને હત્યા કરી હતી. આ પછી તેણે રૂમમાં સૂતેલા તેના વૃદ્ધ માતા-પિતાને પણ બક્ષ્યા નહીં અને તેમને પણ ચાકુ મારીને મારી નાખ્યા.ત્રણ નહીં પરંતુ ચાર હત્યા કર્યા બાદ પોલીસથી બચવા માટે નીતિન વર્માએ પોતાનું સ્કૂટર દ્વારકા વિસ્તારમાં રોડ કિનારે મુકી દીધું હતું અને એક રાહદારીનો પીસીઆર કોલ આવતા તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.લગભગ ૧૬ વર્ષ પહેલા ૨૯ એપ્રિલ ૨૦૦૮ના રોજ દિલ્હી પોલીસના કંટ્રોલ રૂમમાં કોલ આવ્યો હતો કે પશ્ચિમ દિલ્હીમાં એક ઘરમાં ત્રણ મૃતદેહો પડી છે. જ્યારે પોલીસ ટીમ ત્યાં પહોંચી તો તેમને એક ગર્ભવતી મહિલા અને બે વૃદ્ધોના મૃતદેહ મળ્યા, પરંતુ ઘરમાં લૂંટના કોઈ નિશાન ન હતા. દરમિયાન, પોલીસને જાણ થઈ કે સગર્ભા મહિલાનો પતિ નીતિન તેને કોઈ કામ માટે ઘરની બહાર લઈ ગયો હતો, તે દરમિયાન તેનો અકસ્માત થયો હતો અને હાલમાં તે હોસ્પિટલમાં દાખલ છે.તપાસ દરમિયાન પોલીસને એ પણ જાણવા મળ્યું કે વૃદ્ધ દંપતીએ નીતિનને દત્તક લીધો હતો. ૧૨મું પાસ નીતિન કોઈ કામ કરતો ન હતો અને તેણે ઘણા ધંધાઓ કર્યા હતા, પરંતુ તેમાં તેને નુકસાન થયું હતું. પોલીસે જ્યારે નીતિનનો મોબાઈલ ચેક કર્યો તો ખબર પડી કે તે એક મહિલાના સંપર્કમાં હતો. અને પછી જ્યારે તપાસ આગળ વધી ત્યારે જાણવા મળ્યું. કે નીતિન તે મહિલા સાથે લગ્ન કરવા માંગતો હતો અને તેથી જ તેણે તેનો આખો પરિવાર બરબાદ કરી દીધો હતો.

### પન્નુનની હત્યાના કથિત કાવતરામાં આરોપી

# નિખિલ ગુપ્તાને ચેક રિપબ્લિકથી યુએસ પ્રત્યાર્પણ કરવામાં આવ્યો

**નિખિલ ગુપ્તાને બ્રુકલિનના મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટરમાં રાખવામાં આવ્યો અને ત્યારબાદ પ્રત્યાર્પણ કરવામાં આવ્યું**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।



ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાનું કાવતરું ઘડવાના આરોપમાં ભારતીય નાગરિક નિખિલ ગુપ્તાને ચેક રિપબ્લિકથી અમેરિકા પ્રત્યાર્પણ કરવામાં આવ્યો છે. બ્યુરો ઑફ પ્રિઝન્સની વેબસાઈટ પરથી ખુલાસો થયો છે કે, ૫૨ વર્ષીય નિખિલ ગુપ્તાને ૧૬ જૂને અમેરિકાના બ્રુકલિનના મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટરમાં રાખવામાં આવ્યો હતો. બાદમાં એક સૂત્રએ નિખિલ ગુપ્તાના પ્રત્યાર્પણની પુષ્ટિ કરી હતી. ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે ચેક રિપબ્લિકની કોર્ટે નિખિલ ગુપ્તાની અમેરિકા પ્રત્યાર્પણ પર રોક લગાવવાની અરજી ફગાવી દીધી હતી, ત્યારબાદ તેના પ્રત્યાર્પણનો રસ્તો સાફ થઈ ગયો હતો. નિખિલ ગુપ્તાની અમેરિકાની વિનંતી પર ૩૦ જૂને ચેક રિપબ્લિકમાં ધરપકડ કરવામાં આવી હતી. તેમની ધરપકડ પર તત્કાલીન વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યું હતું કે, 'એક ભારતીય નાગરિક હાલમાં ચેક રિપબ્લિકની કસ્ટડીમાં છે. તેના પ્રત્યાર્પણ માટેની અરજી હાલમાં પેન્ડિંગ છે. અમને ત્રણ વખત કોન્સ્યુલર એક્સેસ મળ્યો છે.' US ફેડરલ પ્રોસિક્યુટર્સે નિખિલ ગુપ્તા પર પૈસા માટે હત્યા અને હત્યાનું ષડયંત્ર રચવાનો આરોપ મૂક્યો છે. આ કેસમાં ઓછામાં ઓછી ૧૦ વર્ષની જેલની જોગવાઈ છે. પન્નુની હત્યાના કથિત કાવતરામાં ભારતીય નાગરિક નિખિલ ગુપ્તાનું નામ બહાર આવ્યું હતું. અમેરિકી અધિકારીઓનો આરોપ છે કે, નિખિલ ગુપ્તાએ એક અજાણ્યા ભારતીય સરકારી કર્મચારીના નિર્દેશ પર અમેરિકામાં પન્નુની હત્યાનું કાવતરું ઘડ્યું હતું. આ પછી અમેરિકાએ નિખિલ ગુપ્તા વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરી. અમેરિકાની અપીલ પર ચેક રિપબ્લિકે નિખિલ ગુપ્તાની ધરપકડ કરી હતી અને પ્રત્યાર્પણની તૈયારીઓ શરૂ કરી હતી. ગયા વર્ષે, એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે, પન્નુની હત્યા માટે અમેરિકામાં કાવતરું ઘડવામાં આવ્યું હતું, જેને અમેરિકાએ નિષ્ફળ બનાવ્યું હતું. એવું કહેવાય છે કે, અમેરિકાએ પણ આ મામલો ભારત સરકાર સમક્ષ ઉઠાવ્યો હતો. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, આ મામલાની જાણકારી ધરાવતા લોકોએ એ નથી કહ્યું કે શું ભારતે આ મુદ્દો ઉઠાવ્યો હોવાને કારણે કાવતરાખોરોએ તેમની યોજનાઓ બદલી.

### ફરિયાદ નોંધી આરોપીઓને પકડવા કવાયત

## મેમ્કોમાં સગીર પર તલવારથી હુમલો, એલિસબ્રિજમાં યુવકને છરીના ઘા માર્યા

**એલિસબ્રિજ મહેનતપુરામાં જૂની અદાવતમાં એક યુવક પર બાઇક પર આવેલા હુમલાખોરે ગળા પર છરીનો ઘા મારી ઇજા પહોંચાડી હતી**

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

સલામત અમદાવાદ શહેરમાં હવે જાહેરમાં છરી અને તલવારથી હુમલા સાવ સામાન્ય બાબત બની ગયા છે. મેમ્કોમાં છ યુવકે એક સગીર પર અમારા મિત્ર સાથે કેમ ઝઘડો કરે છે તેમ કહી તલવાર વડે હુમલો કર્યો હતો. ઈજાગ્રસ્ત સગીરને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જ્યારે એલિસબ્રિજ મહેનતપુરામાં જૂની અદાવતમાં એક યુવક પર બાઈક પર આવેલા હુમલાખોરે ગળા પર છરીનો ઘા મારી ઈજા પહોંચાડી હતી. બન્ને બનાવ સંદર્ભે પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. મેમ્કો વિસ્તારમાં રહેતા ૧૭ વષીય સગીર છૂટક મજૂરી કામ કરે છે. તા.૧૨મીએ મજૂરી કામ અર્થે તે સુરેન્દ્રનગર ગયો હતો. ત્યાં રાત્રે નીતિન નામના વ્યક્તિ સાથે બોલાચાલી થઈ હતી. બીજા દિવસે સગીર પરત અમદાવાદ મેમ્કો ગોપી સિનેમા ચાર રસ્તા પાસે આવ્યો અને ત્યાંથી ઘરે જઈ રહ્યો હતો તે સમયે ત્રણ બાઈક પર છ અજાણ્યા વ્યક્તિ આવ્યા હતા. તેં અમારા મિત્ર નીતિન સાથે ઝઘડો કેમ કર્યો હતો, કહીને ડંડાથી માર માર્યો હતો. આ દરમિયાન એક શખ્સ ક્યાંકથી તલવાર લઈને આવ્યો હતો અને સગીરને તલવારનો ઘા મારી દીધો હતો. બાદમાં આ છ વ્યક્તિ ધાકધમકી આપીને ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્તને હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યો હતો. આ મામલે શહેરકોટડા પોલીસે અજાણ્યા છ શખ્સો સામે ગુનો નોંધી શોધખોળ શરૂ કરી છે. આંબાવાડીની ડો. આંબેડકર કોલોનીમાં રહેતો દીપક પરમાર પ્લમ્બિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ચારેક દિવસ પહેલાં બપોરે તે કોલોની ખાતેના દશામાંના મંદિર નજીક ઊભો હતો ત્યારે તેની કોલોનીમાં રહેતો રાહુલ ઉર્ફે રાજુ મુંછડિયા ત્યાં આવ્યો હતો અને અગાઉના ઝઘડાની અદાવતમાં ફરીથી ઝઘડો કર્યો હતો. તે સમયે દીપકભાઈ ત્યાંથી જતો રહ્યો હતો. બાદમાં રાત્રે દીપક તેના મિત્રને મળવા મહેનતપુરા નાગરિક સોસાયટી પાસે ઊભો હતો તે સમયે રાહુલ ઉર્ફે રાજુ બાઈક લઈને ત્યાં આવ્યો હતો અને અચાનક જ છરી કાઢીને દીપકભાઈને ગળાના ભાગે મારી દીધી હતી. તેથી દીપક લોહીલુહાણ હાલતમાં પટકાઈ પડ્યો હતો. રાહુલે ધમકી આપી હતી કે, જો તું આ બાબતે કોઈ ફરિયાદ કરીશ.

## તંત્રી લેખ...

# મનગમતી મંજિલ નથી મળતી ત્યાં સુધી આશા અને ધીરજનો ઉપયોગ

દંડી શોર્ટકટ્સને બદલે સાચા રસ્તા પર ચાલવા માટે કેટલા કરેજની જરૂર પડતી હશે! એન્ટી હિરોઝને આવી નૈતિકતાની કોઈ દિવાલ નડતી નથી. આ જ તો ફર્ક હોય છે. જે ''બહુજન હિતાય, બહુજન સુખાય'' માટે પોતાના પર્સનલ સુખોની બલી ચડાવતા ન અચકાય એ હિરો. જે સમુહની ચિંતા કરે એ નાયક. જે પોતાના સ્વાર્થ માટે બીજાના સુખની બલી ચડાવતા જરાય ન ખચકાય એ વિલન. આમ તો ભગવદ્ ગીતામાં ત્રિગુણાત્મક પ્રકૃતિની વાત કરવામાં આવેલ જ છે. સવાલ એ છે કે સરવાળે કોનું જોર વધારે છે. આપણા અંતરમાં જ વિલન અને હિરો છુપાયેલા હોય છે. જેને વધારે પોષણ મળશે એનું કદ વધશે. તાકાત વિચારોમાં હોય છે. કયા વિચારને સબળ બનાવવો એ માત્ર આપણા પોતાના હાથમાં છે. શક્તિશાળી હોવા માત્રથી હિરો નથી બનાતુ. હિરો બનવા માટે ખુદ સળગીને બીજાને પ્રકાશ આપવો પડે. સાથે મનમાં ઉઠતા લોભ સાથે લડવું પડે. પોતીકાઓ સાથે સંઘર્ષમાં ઉતરવું પડે. ક્યારેક અપનોને ગુમાવવા ય પડે. એવરેસ્ટને સર કરી શકાય, ત્યાં ઘર નથી વસાવી શકાતું. પોતાની ભુલનો દંડ બીજા ભરે એના અફસોસનો ભાર ભારે વજનદાર હોય છે. મહાભારતના શાંતિપર્વમાં યુદ્ધ જીત્યાં પછીય શાંતિની જગ્યાએ વિષાદે સ્થાન લીધુ હતું. નિયતી આગળ બધા લાચાર છે એવું તો દરેકને સમજાતું જ હોય છે. છતાં પરાર્ક્મ કરવાનો, પરીશ્રમના પરસેવાથી સફળ થવાનો મૂળભૂત અધિકાર દરેક પાસે હોય જ છે. સવાલ એ છે કે આ આશા અને ધીરજ કોણ રાખી શકે છે! જીવન જીવવા માટે પાયાની જરૂરીયાત છે, આશા અને ધીરજ. જ્યાં સુધી મનગમતી મંજિલ નથી મળતી ત્યાં સુધી આ બંને હથિયારોને ઉપયોગમાં લઈને પ્રયત્નોના પહાડો ખોદે એ જ લક્ષ્ય સુધી પહોંચી શકે. બ્રહ્માંડની એક અનંત શક્તિ એવી છે કે જે સુપરહિરોઝને સફળતાના સંજોગો ઉભા કરી આપવામાં મદદગાર બને. બુરાઈને હરાવવા બધી જ અચ્છાઈની શક્તિઓ સરળતાથી પોતાનો પર્સનલ ઈગો છોડીને એક થઈ શકે છે, અંત હી આરંભ હૈ. આજની વાર્તા કાલની કલ્પનામાં અમર વાસ્તવિક પાત્રો બની શકે છે. હજારો વર્ષો પછી ય આપણે સુપરહિરોઝના ગુણગાન ગાઈએ જ છીએ ને! રામ, હનુમાન, કૃષ્ણ, અર્જુન આપણા આદર્શ છે જ! આપણે પૂંજીએ છીએ. એમની સારપ, એમના વચનોને સાંભળીને આજેય અભિભૂત થઈ જવાય. એમના સુપરપાવરને યાદ કરતી વખતે પરહિતો માટે આપેલા બલિદાનની કિંમત આપણે ભુલી જઈએ છીએ. વિલન ગમે એટલો પાવરફુલ હોય, જીત તો હિરોઝની જ થાય.

## વિશ્વવિદ્યાલયોમાં જઈને આપણે ગુરુઓ પાસે જીવન જીવવાની કલાનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે

કહેવાયું છે કે મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. એ સાચું કે મનુષ્યોને તો વિવેકશીલ પ્રાણી કહેવાયો છે, પરંતુ શું તમામ વ્યક્તિ વિવેકી બની શકે? નહીં, મનુષ્ય એક અવિવેકી પ્રાણી છે. તેની પાસે પોતાનો વિવેક નથી, કારણ કે જે વ્યક્તિને વિવેક થઈ જાય છે તે વળી પશુવત કઈ રીતે થઈ શકે? એમ.એ. અને પીએચ.ડી.ની ડિગ્રી લેનાર વ્યક્તિ જો પોતાને શિક્ષિત કહેતો હોય તો તેના તમામ ગુણ વિકસિત થઈ જવા જોઈએ, તેનો સર્વાંગી વિકાસ થવો જઈએ, તેને જીવન જીવવાની કલાનું જ્ઞાન હોવું જોઈએ, પરંતુ એવું નથી થતું. જો એવું ન થાય તો આપણી શિક્ષામાં ક્યાંકને ક્યાંક દોષ છે. આપણી શિક્ષણ વ્યવસ્થામાં કોઈ ત્રુટિ કે ભૂલ છે. જો આપણે સ્વસ્થ છીએ તો પછી શિક્ષિત હોઈશું જ, કારણ કે આપણે જીવનના નિયમોનું પાલન કર્યું છે. આપણે જીવન જીવવાનું શીખી લીધું છે. મઠો, પાઠશાળાઓ, મહાવિદ્યાલયો અને વિશ્વવિદ્યાલયોમાં જઈને આપણે ગુરુઓ પાસે જીવન જીવવાની કલાનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે. આપણને હસવું, બોલવું અને બીજાઓ સાથે વ્યવહાર કરવાનું આવડી ગયું છે. આપણે લોકો મોટાભાગે એવું જોઈએ છીએ કે તથાકથિત આધુનિક લોકો મોટી મોટી ગાડીઓમાં દોડે છે. તે સડકોના કિનારે બનેલ કોઈ હોટેલમાં જઈને ભોજન પેક કરાવે છે, કારણ કે એવા લોકો એટલા વ્યસ્ત હોય છે કે નહિ તો તેમના અને ના તેમની પત્ની પાસે એટલો સમય હોય છે કે ઘરે જઈને પોતાના હાથે ભોજન બનાવીને ખાઈ શકે. પોતાના શરીરને સ્વસ્થ અને તંદુરસ્ત રાખવા માટે ભોજન, શયન અને જાગરણના નિયમોની સાથે વ્યાયામ પણ જરૂરી છે, જેથી આપણે પાછળથી પસ્તાવું ન પડે. આપણા બાળપણનો સમય રમવા, નાચવા-ગાવા, હસવા અને આનંદિત રહેવાનો હોય છે. તેથી આપણે બાળપણને બાળપણની જેમ જ ભોગવવું જોઈએ, પરંતુ તેનો મતલબ એ નથી કે બાળકો દિવસભર કમ્પ્યૂટર પર બેસીને ગેમ્સ રમે અને વિલાસપ્રિય બની જાય. એવામાં આપણું શિક્ષણ ભલા શું કામનું. પચીસ વર્ષની અવસ્થા યુવાનીની અવસ્થા હોય છે અને પચાસ વર્ષની અવસ્થા સુધી તેના વિકાસનો સમય હોય છે. આ દરમ્યાન તમે આનંદ કરો, ગૃહસ્થ જીવનનું પાલન કરો અને જો તેમાં તમે પોતાનો સારી રીતે સમાવેશ કરી લો છો તો તમારું આગળનું જીવન આનંદમય થઈ જશે. માનવી એક સામાજિક પ્રાણી છે કારણ કે તે અન્ય માનવીઓ સાથે સામાજિક સંબંધો ધરાવે છે, સ્વીકારે છે અને તેને અનુરૂપ બને છે. વ્યક્તિ પોતાના સમાજમાં વસવાટ દરમ્યાન સામાજિક સંબંધોને આધારે અન્ય વ્યક્તિઓ સાથે સામાજિક ક્રિયા અને આંતરક્રિયા કરે છે. આવી ક્રિયાઓ દ્વારા સમાજના લોકોના સામાજિક સંબંધો સમજી શકાય છે. જેમ શરીરનું આરોગ્ય જરૂરનું છે. તેમ માનસિક સ્વાસ્થ્ય પણ જરૂરી છે. દવા કરીને સાજા થવું એના કરતા બિમાર ન પડવું એ જ સારું છે. તેથી માનસિક સ્વાસ્થ્ય આરોગ્ય વિહીન ન બને તેની કાળજી રાખવી જરૂરી છે. માનસિક સ્વાસ્થ્ય કે અસ્વાસ્થ્યની પ્રાપ્તિમાં જીવનકલહ, જીવનસંઘર્ષની પ્રાપ્તિમાં જીવનકલહ, જીવનસંઘર્ષ, દબાણ વગેરે મહત્વનો ભાગ ભજવે છે. એનો અર્થ એ થાય કે જે વ્યકિત તેની દરેક ક્ષમતાઓ અને મર્યાદાઓને જાણે અને તે મુજબ વર્તે, અન્ય વ્યકિતઓ સાથે સુમેળ ભર્યો વ્યવહાર રાખે તેમજ સારી નરસી પરિસ્થિતિઓમાં અનુકુળ થઈને જીવી શકે તેવી વ્યકિતને માનસિક રીતે સ્વસ્થ વ્યકિત કહી શકાય. સમાજના સહયોગથી જ માણસોને સુખી, પ્રગતિશીલ બનવાની તક મળે છે. અંગત ઉન્નતિ ગમે તેટલી કરવામાં આવે તો પણ વિકૃત પરિસ્થિતિઓથી ઘેરાયેલા સમાજમાં રહીને કોઈ પણ સુખચેનથી રહી શકતું નથી. જ્યારે પ્રગતિશીલ સમાજના દરેક સભ્યને સહજ રીતે જ સુખ-શાંતિનો લાભ મળતો રહે છે. આપણે પોતાને સમાજરૂપી ઘડિયાળનો એક દાગીનો માનવો જોઈએ અને પોતાની ગતિવિધિઓ એવી રાખવી જોઈએ કે, જેમાં ઘડિયાળ જેવી ગતિશીલતા ટકી રહે. તેમાં કોઈ પ્રકારનું વિઘ્ન પેદા ન થાય. આ દ્રષ્ટિએ આપણે સામાજિક મર્યાદાઓ અને નાગરિક કર્તવ્યનું વિચારપૂર્વક પાલન કરવું જોઈએ. સાથે સાથે પોતાના પ્રભાવવાળા વિસ્તારમાં એવું વાતાવરણ બનાવવું જોઈએ.

**આજકાલ એકબીજા પાસેથી અપેક્ષાઓ રાખવાનો દર પણ ઉંચો જાય છે, અને ધાર્યું ન થાય એટલે ઉપેક્ષા કરવાનું પણ સહજ બને છે**

# દેવી અને દેવતાઓના ફોટાને પૂજવા, અને જો તે ન પૂજાય તો વિરોધ કરવો, શું માત્ર એટલું હિંદુત્વ છે!



**સદ્‌ગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**નાની-નાની વાતમાં માન અપમાનની લાગણી થવી, ગુસ્સો આવવો, ઈર્ષા કરવી, નિંદા કરવી, ઉપેક્ષા કરવી, આ બધું જ આપણી માનસિક નાદુરસ્તી બતાવે છે. ખાન પાન અને રહેનસહેન બગડ્યું હોવાથી શારીરિક તંદુરસ્તી પણ બગડતી જ જાય છે! ઉપરથી મેડિકલ ક્ષેત્રે વિજ્ઞાને એટલી બધી શોધ કરી છે કે, માનવીના આયુષ્ય લાંબા થતાં જાય છે, એટલે જનરેશન ગેપને કારણે પણ ઘણીવાર પરિવાર વિભાજિત થાય.**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં મારી નાની દીકરી દસેક દિવસના વેકેશન માટે ઘરે આવી છે, અને બપોરે હું જરાક વોટ્સએપ સોશિયલ મીડિયા જોઈ રહી હતી, અને એમાં હિંદુત્વ માટેનો એક તીખો તમતમતો વિડીયો જોઈ રહી હતી, અને ફોરવર્ડ કરું કે નહીં? એ વિચારતી હતી! મને થયું ચાલ મારી દીકરીને પૂછું એને હિન્દુ હોવું એટલે શું એ ખબર છે કે નહીં? મે એને પૂછ્યું કે આ વિડીયો તને કેવો લાગ્યો! એણે કહ્યું બકવાસ! હું સ્તબ્ધ થઈ ગઈ! મારી દીકરી એ કહ્યું મમ્મી આવી પોસ્ટને ક્યારેય ફોરવર્ડ ન કરાય, આવી પોસ્ટ સમાજમાં અશાંતિ વધારવા સિવાય કંઈ કરી શકે નહીં! મમ્મી જરાં વિચાર તો ખરી! અને મને પણ લાગ્યું કે વાત તો સાચી છે. દેશ આમ પણ વિભાજિત થઈ રહ્યો છે, ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ.. એમ દરેક રાજ્યને પોતાના ભારતીય હોવા વિશે ગર્વ હોવો જોઈએ, એની બદલે પોતાના રાજ્યનું ગૌરવ વધારે છે, એ રાજ્યમાં પણ જ્ઞાતિગત વાડાઓ છે, આ ઉપરાંત ધર્મ સંપ્રદાયના પણ ખરા! અમીર ગરીબ અને મધ્યમ વર્ગ એમ પણ વિભાજન છે, વિચારોના મતભેદને કારણે પરિવારો તો તૂટતા જ રહે છે, કોઈ પણ વિભાજન માટે વિદ્રોહ પાયામાં હોય છે, એવામાં આવી પોસ્ટ સોશિયલ મીડિયા દ્વારા ફોરવર્ડ કરીને આગમાં ઘી નાખવા જેવું કામ થાય છે. આપણે કાંઈ રાજકારણી નથી, આપણે સમાજ કઈ રીતે જોડાયેલો રહે એ જોવાનું છે! અને શું દેવી-દેવતાઓના ફોટાને પૂજવા અને ન પૂજાય તો એનો વિરોધ કરવો, માત્ર એટલું હિંદુત્વ છે! આમ વિશ્વ આખું અત્યારે અસંતોષની એક આગજવાલામાં જલી રહ્યું છે, કોઈને આ ન મળ્યું એનો અસંતોષ, તો કોઈને બીજું ન મળ્યું એનો અસંતોષ! પરિવાર સમજુ હોય અને અંદરોઅંદર એકબીજા સાથે લાગણીનું આદાન-પ્રદાન હોય તો આ અસંતોષ લાંબો ચાલે નહીં! પરંતુ આજકાલ એકબીજા પાસેથી અપેક્ષાઓ રાખવાનો દર પણ ઉંચો જતો જાય છે, અને ધાર્યું ન થાય એટલે ઉપેક્ષા કરવાનું પણ સહજ બને છે. નાની નાની વાતમાં માન અપમાનની લાગણી થવી, ગુસ્સો આવવો, ઈર્ષા કરવી, નિંદા કરવી, ઉપેક્ષા કરવી, આ બધું જ આપણી માનસિક નાદુરસ્તી બતાવે છે. ખાન પાન અને રહેનસહેન બગડ્યું હોવાથી શારીરિક તંદુરસ્તી પણ બગડતી જ જાય છે! ઉપરથી મેડિકલ ક્ષેત્રે વિજ્ઞાને એટલી બધી શોધ કરી છે કે, માનવીના આયુષ્ય લાંબા થતાં જાય છે, એટલે જનરેશન ગેપને કારણે પણ ઘણીવાર પરિવાર વિભાજિત થાય. પણ આપણા સૌની ઈચ્છા છે કે વિશ્વમાં શાંતિ સ્થપાય! રામરાજ્ય સ્થપાય! પણ આપણે વિચારીએ કે એની માટે આપણે શું પ્રયત્ન કરીએ છીએ, તો લગભગ જવાબ ના માં આવી શકે! સુખી હોવું એની શબ્દમાં વ્યાખ્યા કરવી હોય તો, જે સ્વાભાવિક પણે સંતોષી છે, અને દરેક પરિસ્થિતિમાં સહજ રહી શકે છે, એ જ આ દુનિયામાં સુખ અને શાંતિ મેળવી શકે, બાકી તો આ સ્પર્ધાત્મક યુગમાં દેખાદેખી ના દૂષણને કારણે સુખી થવું અઘરું છે. આ સ્થૂળ શરીરને કેટલી સુખ સુવિધા મળે છે, અને કેટલા ભોગ્ય પદાર્થો મળે છે, એ તો એ પરિવારની આવક પર નિર્ભર છે. પરંતુ આપણે આપણી જિંદગીમાં નાનાં નાનાં સુધારા કરી માનસિક સુખ અને શાંતિ માટે પ્રયત્ન કરી શકીએ. કારણ કે દિવસે ને દિવસે વધતી જતી મોંઘવારીમાં આ ભૌતિક સુવિધા મેળવવી એ થોડું અઘરું થતું જાય છે, અને જરૂરિયાતો એટલી બધી વધારી દીધી છે, કે એ રીતે પણ બે છેડા માંડ ભેગા થાય છે. એટલે સ્વાભાવિક રીતે જ જે પરિવારની આવક માસિક લાખથી ઉપરની હોય, એ પ્રમાણમાં આ બધા ભોગ્ય પદાર્થો આસાનીથી મેળવી શકે! જ્યારે ૧૦ થી ૧૫,૦૦૦ મેળવનારને તો સતત સંઘર્ષ રહે, અને વચ્ચેના છે, એને કાં તો જીવનમાં સમાધાન કરવું પડે, અને સહજ સ્વમાન સમાધાન ન કરી શકતા હોય એમાં અસંતોષ કે વિદ્રોહની માનસિકતા ધીરે ધીરે દ્રઢ થતી જાય. આજકાલ આપણે લગભગ એવું સાંભળવા મળે કે બહુ થાકી જવાય છે! સાધનોની શોધ અને એની ક્રાંતિને કારણે સ્વાભાવિક રીતે જ એટલો હવે શારીરિક શ્રમ રહ્યો નથી, અને છતાં આ ફરિયાદ! સહનશક્તિ ઘટતી જાય છે, એ કારણ તો છે જ! પરંતુ નૈતિકતા તૂટતી જાય છે, એ પણ મહત્વનું કારણ છે. એટલે કે આપણે આપણી ખુમારીથી ટટ્ટાર રહેતા હોઈએ છીએ, અને ખુમારીના નામે હવે માત્ર અહમ રહ્યું છે. જીવનમાં નીતિને નામે કંઈ બચ્યું નથી, અને ઘણું ન કરવા જેવું જીવનમાં થયું એનો સંતાપ પણ આપણને બાળે છે. ચિંતન કરીએ તો આવા તો નાના-મોટા કેટલાય કારણો મળે કે જેને કારણે આપણે પણ અશાંત છીએ, અને આપણે સામેવાળાને પણ અશાંતિ આપી હોય. મનુષ્ય એક સામાજિક પ્રાણી હોવાથી, આપણે આ સમાજમાં જ રહેવાનું છે, અને આટલી બધી વિચિત્ર માનસિકતા ધરાવતા લોકો વચ્ચે જ રહેવાનું છે, ત્યારે એની સાથે સંતુલન સાધવા આપણાં સ્વભાવમાં કંઈક બદલાવ લાવવો જરૂરી છે. જેમ કે અંદરોઅંદર એકબીજા પાસેથી રખાતી અપેક્ષાઓ ઓછી કરીએ અને સામેવાળાની ઉપેક્ષા ઓછી કરીએ તો પ્રમાણમાં વધુ ઝડપથી સંતુલન સાધી શકાય છે. આ ઉપરાંત સમાજને બડબડાટ કરવાની બહુ મોટી ટેવ પડી ગઈ છે! મૌનમાં ગજબ શક્તિ હોય છે, પણ મૌન રહી શકાતું નથી, અને એમાં પણ અમુક પરિસ્થિતિ એવી હોય કે જ્યારે મૌન રાખીએ તો સમય જતા એ પરિસ્થિતિ પણ બદલાઈ જાય. એટલે કે કોઈને ક્રોધ આવ્યો હોય તો, એની સામે આપણે પણ ક્રોધ કરવો કે ને ગમે તે કહી લેવું, એ આ પરિસ્થિતિનો હલ નથી, ત્યારે મૌન રાખી લઈએ તો આપોઆપ બધું ઠીક થઈ જતું હોય છે. પણ આપણને વિચાર આવે કે આજે તો લોકોને અંદરોઅંદર વાતચીત કરવાનો, એટલો સમય પણ નથી, ત્યાં આ બડબડાટ કરવું એટલે શું? બડબડાટ કરવું એટલે સ્માર્ટફોન ના સોશિયલ મીડિયા પર એક્ટિવ રહેવું? આપણને જે વસ્તુનો અનુભવ નથી, જ્ઞાન નથી, એવા હજારો મેસેજ આપણે ફોરવર્ડ કરતા હોઈએ છીએ! કે જેમાંથી શીખવાની બદલે નુકસાન વધુ થતું હોય! એટલે વ્યક્તિગત પારિવારિક કે સામાજિક શાંતિ માટે સોશિયલ મીડિયાની આ સાઈડ ઈફેક્ટથી બચવું એ પણ એક ઉપાય છે! કે બને એટલા મેસેજ ઓછા ફોરવર્ડ કરવા, અને એમાં પણ સમાજમાં ઉગ્ર વાતાવરણ થાય, એવા કોમવાદના કે કે પછી તેજ તીખી વાણીમાં કરાયેલા ધાર્મિક પ્રવચનોના ઓડિયો વીડિયો, આપણે જ ધર્મ વિશે બધું જાણીએ છીએ! એવા મેસેજો કે પછી કોઈ અન્ય! એટલે કે આપણે જેને સાવ જાણતા પણ નથી એ વ્યક્તિને નામે આપણે લાઈક અને કોમેન્ટ મેળવવા માટે સમાજમાં અશાંતિના નિમિત બનીએ છીએ, એ પણ વિચારવું રહ્યું. દાખલા તરીકે હિન્દુઓ હવે ધર્મને નામે કંઈ જ કરતા નથી, ઉપવાસ પૂજા પાઠ એ બધું હવે ઓછું થતું જાય છે, ટ્રેડિશનલ પહેરવેશ પણ હવે એટલો પહેરાતો નથી, ફેશનને નામે પણ અમુક પરંપરાઓ તૂટતી જાય છે! આવા તેજાબી ભાષણોના ઓડિયો વીડિયો ફોરવર્ડ કરીને આપણે હિન્દુ હોવાનો ગર્વ અનુભવીએ છીએ, પરંતુ શું હિન્દુ હોવું એટલે આ ટ્રેડમાર્કની આજુબાજુ રહેવું એટલું જ છે? મંદિરે જવું જોઈએ પરંતુ ન જઈ શકાય, તો ઘરને મંદિર જેવું બનાવવું એ હિંદુની પ્રથમ પ્રાથમિકતા રહી છે, અને સંસારમાં સંન્યાસ પણ ખરો. આ વાત એ લોકોને કોણ સમજાવશે? આપણી આસપાસ જીવતા લોકોમાં ઈશ્વરના દર્શન કરી, એની સાથે પ્રેમાળ વ્યવહાર કરવો એ પૂજા પાઠથી ઓછું નથી! નાના મોટાના અહમનો મુદ્દો છોડી સૌને પ્રેમથી સ્વીકારવા એ જ તો તપ છે, અને આ રીતે જીવનભર રહેવું એ જ વ્રત છે. વિશ્વ આખું યુદ્ધની અગનજવાળામા લપેટાઈ રહ્યું છે, ત્યારે હું મારા અનુભવનું હશે! અને જે પૂર્ણપણે સત્ય હશે, એની ખાતરી આપી શકું!; તથા જે લોકોનું મોરલ વધારી શકે, કોઈ ને કોઈ રીતે જીવન ઉપયોગી બની શકે, એટલું જ આ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીશ, મારા કે અન્યના ધર્મને ટેગ કરતી વાતને પોસ્ટ નહીં કરું, પણ સમગ્ર માનવ જાતના હિતમાં હશે, અને એની નૈતિકતા વધતી હોય, એને જીવનમાં આનંદનો અનુભવ થાય, મ્યુઝિક કે હાસ્ય કલાકારનાં હળવા મનોરંજન આપતા મેસેજ, પોસ્ટ કરીશ. બસ આપણા દ્વારા આવી નાની નાની સમજદારી દેખાડી, અને આમ શાંતિનો પાયો આપણાથી મજબૂત કરી શકાય એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**પરમેશ્વર જોયા વગર આપે છે, હજાર હાથે આપે છે, ઈશ્વર જીવને લાયક સમજીને આપે છે, ત્યારે જીવનો લોભ છૂટે છે, જીવ નો મોહ છૂટે છે**

# પરમાત્માને પ્રસન્ન કરવા હોય તો તેની પાસે બાળક બની જાઓ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**તમારા પરિવાર કુટુંબ સમાજ સંપ્રદાયમાં કડવા ઘૂંટ પીને તમારા સંસ્કાર સંસ્કૃતિ અને જીવમાત્રને બચાવવા ઝઝૂમતો હોય તેવો આત્મા માણસ એટલે સંત, આજે જ્ઞાતિવાદની જેમ સંત એટલે લાલ ભગવા લીલા કાળા સફેદ વસ્ત્રો અને અલગ અલગ પ્રકારની માળા જટા મુંડન કે મૂછ વિકરાળ દેખાવ કરી તમારી વચ્ચે મોંઘી ગાડી રહેણાંક મકાનમાં રહી જલસા કરતો હોય તે આત્માના આ ભ્રામક ખ્યાલ છે.**

સંત અને વસંતની અનોખી સમાનતા છે, જ્યારે વસંત આવે છે ત્યારે પ્રકૃતિ સુધરી જાય છે. અને જ્યારે સંત આવે છે ત્યારે સંસ્કૃતિ સુધરી જાય છે...!! સંત ન હોત સંસારમાં તો જલી જાત બ્રહ્માંડ.. વસંત જો પ્રકૃતિમાં ન હોત તો ચોતરફ આફટ રણ સિવાય કંઈ જ ન હોત. આજે સંસ્કૃતિ અને પ્રકૃતિ બંને સામે ખતરો ઉભો થયો છે. ક્યાંક સંત અને વસંત કળિયુગ સિમેન્ટ કૉંક્રિટ ના પ્રદુષણના છાયામાં આવ્યા છે. ત્યારે પરીવાર કુટુંબો સમાજ સંપ્રદાયોએ જાગૃત બનવું પડશે.. નહિતર સંસ્કૃતિ પ્રકૃતિ સંત અને વસંત વગર લુપ્ત પામશે તેના માટે આપણે માનવ જીવ જ જવાબ દાર હોઈશું. જાગો હજુ સમય છે. આજે કેટલાક દિવસોથી બફરા ઉકળાટ ગરમીથી ત્રાહિમામ્ પોકારી ગયા છો છતાં મેઘરાજાની પધરામણી થતી નથી.. સંસારમાં યે નવી પેઢીમાં સંસ્કારોનું સિંચન નાનપણથી જ નથી કોણ કોને કહે.. કુટુંબ પરિવાર સમાજ સંપ્રદાયમાં સાચા સંતો હતા જે ચાબખા મારી સંસ્કાર થકી સંસ્કૃતિનું જતન કરતા હતા. આજે જ્ઞાતિવાદની જેમ સંત એટલે લાલ ભગવા લીલા કાળા સફેદ વસ્ત્રો અને અલગ અલગ પ્રકારની માળા જટા મુંડન કે મૂછ વિકરાળ દેખાવ કરી તમારી વચ્ચે મોંઘી ગાડી રહેણાંક મકાનમાં રહી જલસા કરતો હોય તે આત્માના આ ભ્રામક ખ્યાલ છે. તમારા પરિવાર કુટુંબ સમાજ સંપ્રદાયમાં કડવા ઘૂંટ પીને તમારા સંસ્કાર સંસ્કૃતિ અને જીવમાત્રને બચાવવા ઝઝૂમતો હોય તેવો આત્મા માણસ એટલે સંત. ઈશ્વર સર્વને એકસરખો આનંદ આપે છે. મનુષ્ય આપવામાં વિષમતા રાખે છે. પરીક્ષિત કહે છે, પરમેશ્વર જોયા વગર આપે છે, હજાર હાથે આપે છે. ઈશ્વર જીવને લાયક સમજીને આપે છે, ત્યારે જીવનો લોભ છૂટે છે, જીવનો મોહ છૂટે છે. અરે! ઈશ્વર આપવા બેસે છે ત્યારે બે હાથ વાળો લેતાં થાકી જાય છે. ઈશ્વર યજ્ઞનો ભોક્તા છે. યજ્ઞમાંઆવાહન કરવા છતાં પણ ઘણીવાર પરમેશ્વર ભોજન કરતા નથી,ત્યારે આજે સાક્ષાત્ પરમાત્મા શ્રીકૃષ્ણ બાળકો સાથે ભોજન કરે છે. પર માત્માને વશ કરવાનું સાધન પ્રેમ છે. ઉત્તમમાં ઉત્તમ વસ્તુ ભગવાનને આપવી એ જ ભક્તિ છે, એજ શુદ્ધ ભાવ છે. ગોપ બાળક કનૈયાને કહે છેકે,લાલા,આ જલેબી હું તારા માટે લાવ્યો છું. કનૈયો જવાબ આપે છે કે, હું એકલો નહીં ખાઉં. થોડું તું સર્વને આપ. આમ કનૈયો થોડામાંથી પણ બધાને થોડું અપાવે છે.આ પ્રમાણે ગમ્મત કરતાં બધાં બાળકોને શ્રીકૃષ્ણ જમાડે છે અને બાળકોની સાથે બેસીને જમે છે. જીવ જ્યારે સર્વસ્વ છોડી પરમાત્મા સાથે પ્રેમ કરે છે, પોતાનું અભિમાન છોડે છે, જીવ જ્યારે જીવપણું ભૂલે છે, ત્યારે ઈશ્વર પણ ઈશ્વરપણું ભૂલી જાય છે અને જીવની સાથે રમે છે. જીવ અભિમાનમાં હું પણું રાખે, જીવ માને કે હું શાસ્ત્રી, હું જ્ઞાની, તો ભગવાન તેને કહે છે, હું તારો દાદો લાગું છું. પરમાત્માને પ્રસન્ન કરવા હોય તો તેની પાસે બાળક બની જાઓ. શુકદેવજી કહે છે કે, આ ભોજન વેળા ભગવાનની છટા જોવા જેવી હતી. તેઓએ કમરની ભેટમાં વાંસળી ખોસેલી હતી. શૃંગ અને લાકડી બગલમાં દબાવ્યા હતાં. ડાબા હાથમાં ઘીવાળો દહીં-ભાતનો મધુર કોળિયો હતો અને આંગળી ઓમાં ખાવાલાયક ફળો નાં અથાણાં દબાવી રાખ્યાં હતાં. ગોપ બાળકો તેની ચારે તરફ ઘેરીને બેઠાં હતાં અને તેઓ જાતે બધાં ની વચમાં બેસીને પોતાની વિનોદ ભરી વાતોથી પોતાના સાથી ગોપ બાળકોની સાથે આ પ્રકારે બાળ લીલા કરતા ભોજન કરી રહ્યાહતા સ્વર્ગના દેવતાઓ આશ્ચર્ય ચકિત થઈને આ અદ્ભુત લીલા જોઈ રહ્યા હતા. મનથી આ લીલાનાં દર્શન કરો.વૃંદાવન છે યમુના કિનારો છે. વૃક્ષો ફળથીનમી ગયાં છે. ભગવાન ગ્વાલમિત્રો સાથે ભોજન કરવા બેઠા છે. આવી ભાવના તો કરો! ભાવનાના આ વૃંદાવનમાં તમને ઠાકોરજીના ચરણનું શરણ પ્રાપ્ત થશે, ભાવના થી ભક્તિ ફળે છે. ખાવુંએ પાપ નથી પણભગવાનને ભૂલી જઈને ખાય,ભગવતાર્પણ કર્યા વગર ખાય એ પાપ છે. અઘાસુરને ભગ વાને મોક્ષ આપ્યો તેથી બ્રહ્માજી વિસ્મય પામ્યા. તેમને એ ગમ્યું નહીં તેથી જોવા આવ્યા કે, આ કનૈયો છે કોણ જે આવા પાપીનો મોક્ષ કરી દે છે? બ્રાહ્માજી જયારેઆવ્યા ત્યારે શ્રી કૃષ્ણ ગોપ બાળકો સાથે ભોજન કરી રહ્યા હતા. આ વ્રજ બાળકોમાં એક બ્રાહ્મણ નો છોકરો પણ આવતો હતો. તેનું નામ મધુમંગલ. મધુમંગલ શાંડિલ્ય ઋષિનો પુત્ર છે. યશોદાજીએ શાડિ લ્ય ઋષિને કહેલું કે,તમારા બાળક ને રોજ મારા ઘરે જમવામોકલજો એટલે મધુમંગલ રોજ જમવા આવે છે. યશોદાજી તેને પ્રેમથી જમાડે છે. આજે કનૈયો મધુમંગલની પાછળ પડયો. તું રોજ અમારા ઘરનું ખાય છે.મને કોઈ દિવસ તારા ઘરનું ખવડાવતો નથી. મારે આજે તારા ઘરનું ખાવું છે. મધુમંગલ દોડતો મા પાસે આવ્યો છે. માનું નામ પૂર્ણ માસી. મધુમંગલ માને કહે છે, આજે લાલાને આપણા ઘરનું ખાવું છે.જે બનાવ્યું હોય તે આપ. પૂર્ણમાસીને આનંદ થયો,પણ ઘરમાં કાંઈ રસોઈ બનાવી નથી. શાંડિલ્યઋષિ સવારમાં બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠતા, પણ રાત્રે આઠવાગે તેનું નિત્યકર્મ પૂરું થાય, પ્રાતઃસંધ્યા ગાયત્રીની ચોવીસમાળા, પંચાયતન દેવીની પૂજા, પંચદેવોને અભિષેક, વિશ્વદેવ યજ્ઞ-હોમ. તે પછી મધ્યાહન સંધ્યા તે પછી વિષ્ણુ સહસ્ત્રનો પાઠ, ભાગવતનો પાઠ, તે પછી એકવીસ હજાર ભગવાન ના નામ જપ. ત્યાં તો સાંજ પડી જાય. જમવાનો સમય જ ક્યાં મળે? એવા તપસ્વી બ્રાહ્મણને ખાવાની ફુરસદ નથી, એટલે રાત્રે એક વખત ફળાહાર કરતા. આવા પવિત્ર બ્રાહ્મણના ઘરનું ખાવાની શ્રીકૃષ્ણે ઈચ્છા કરી હતી. એક વખત ભજનમાં આનંદ મળી જાય તો સંસારનો આનંદ ફિક્કો લાગે છે.બ્રાહ્મણનો અવતાર તપ માટે છે. બ્રાહ્મણ વિલાસમાં પડે એ ભગવાનને ગમતું નથી.વૈશ્ય અને ક્ષત્રિય વિલાસમાં પડે તો થોડું યે ક્ષમ્ય છે. બ્રાહ્મણ માટે ક્ષમ્ય નથી. શાંડિલ્ય ઋષિ અને તેમનાં પત્ની તપસ્વી હતાં. પૂર્ણમાસી પતિમાં પરમેશ્વરની ભાવના રાખતાં. પતિ ભોજન ન કરે એટલે પતિવ્રતા સ્ત્રીનો ધર્મ છે કે ભોજન ન કરવું, એટલે પૂર્ણ માસી પણ ફળાહારથી ચલાવી લે. ઘરમાં એક છોકરો હતો.તે નંદ બાબા ને ઘરે જમવા જાય એટલે ઘરમાં કાંઈ રસોઈ થાય નહીં. જીવનમાં જરૂરિયાત જેમ ઓછી કરશો તેમ પાપ ઘટશે. ભોગ વધશે તો પાપ વધશે. ભોગ ઘટશે તો પાપ ઘટશે. આદત અને હાજતને વધારશો નહીં તો જ સુખી થશો. આ'જોઈએ'નો અંત આવતો નથી આ જોઈએ એમ કહો છો, પણ ભગવાન જોઈએ એમ કહોને, તો બધું 'જોઈએ' એમાં સમાઈ જશે. પૂર્ણમાસી મધુમંગલને કહે છે,બેટા ઘરમાં કંઈ નથી. કનૈયાને માટે હું શું આપું? તપસ્વી બ્રાહ્મણ, અજાચક વ્રત-કોઈની પાસે કશું માગવું નહીં. અપરિગ્રહ વ્રત-એટલે કશું સંઘરવું નહીં. ઘરમાં કાંઈ નથી,પણ મધુ મંગલ કહે છે, મા, મને કંઈક આપ! પૂર્ણમાસી ઘરમાં કંઈક હોય તો તે શોધવા લાગ્યાં. ઘરમાંથી થોડી છાશ મળી.તે છાશ મટકીમાં ભરી આપી. પરમાત્મા કોઈ દિવસ જોતા નથી કે મારા માટે શું લાવ્યો છે, પણ જુએ છે કે, કેવા ભાવથી લાવ્યો છે. વસ્તુને જુએએ જીવ અને કેવળ ભાવને જુએ તે ઈશ્વર. મધુ મંગલ છાશ લઈને આવ્યો છે પણ તે છાશ શ્રીકૃષ્ણને આપતાં તેને સંકોચ થયો. એટલે મધુમંગલ તે છાશ પોતે જ પી જવા લાગ્યો. શ્રીકૃષ્ણની નજર મધુમંગલ પર પડી. એથ મધુમંગલ! તારી બાએ છાશ મારા માટે આપી છે.તું એકલો એકલો છાશ પી જાય છે? છાશ મને આપ! પણ મધુમંગલ સાંભળતો નથી. મધુમંગલ ઉતાવળથી છાશ પીવા લાગ્યો. કનૈયો દોડતો આવ્યો. મધુમંગલે એકદમ મોંમાં હાંડલી ખાલી કરી, પણ મોઢામાંથી છાશનો રેલો નીકળ્યો. કનૈયો તેનું મોઢું ચાટવા લાગ્યો. ભગવાન શ્રીકૃષ્ણ મધુ મંગલનું મોઢું ચાટતા હતા તે વખતે બ્રહ્માજી આકાશમાંથી આવ્યા. કનૈયો મધુમંગલને કહે છે કે, તારી એંઠી છાશ મળે તો મારી બુદ્ધિ સુધરે.

# સલમાન ખાનને ફરીથી અપાઈ ધમકી

## સોશિયલ મીડિયામાં ધમકીનો વીડિયો અપલોડ કરાયો, ધમકી આપનાર આરોપીની રાજસ્થાનમાંથી ધરપકડ



બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાન સાથે જોડાયેલા એક મોટા સમાચાર સામે આવ્યા છે.અભિનેતા સલમાન ખાનને ફરી એકવાર ધમકી મળી છે.બિશ્નોઈ ગેંગે યુટ્યુબ પર વિડિયો અપલોડ કર્યો છે, સોશિયલ મીડિયા પર વિડિયો અપલોડ કરી ધમકી આપી છે. આ પહેલા ૧૪ એપ્રિલના સવારે ૫ વાગ્યાની આસપાસ બે અજાણ્યા લોકોએ સલમાન ખાનના ઘર એટલે કે ગેલેક્સી એપાર્ટમેન્ટની બહાર ગોળીબાર કર્યો હતો. બોલિવુડ અભિનેતાની ચિંતા ઓછી થવાનું નામ લઈ રહી નથી. બિશ્નોઈ ગેંગે યુટ્યુબ પર વીડિયો અપલોડ કરી ધમકી આપી છે. ધમકી આપનાર આરોપી બનવારીલાલ લટુરલાલ ગુજર છે જેની રાજસ્થાનમાંથી ધરપકડ કરી લેવામાં આવી છે. અભિનેતા સલમાન ખાનની હત્યાનું કાવતરું ઘડવાના આરોપમાં મુંબઈના સાઉથ સાયબર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. બિશ્નોઈ ગેંગ સાથે જોડાયેલા લોકો દ્વારા થોડા દિવસ પહેલા યુટ્યુબ પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો અને તેમણે અભિનેતા સલમાન ખાનની હત્યાને લઈ નિવેદન આપ્યું હતુ. મુંબઈની સાયબર પોલિસે આરોપી વિરુદ્ધ આઈપીસીની કલમ ૫૦૬(૨),૫૦૪,



૩૪ સાથે આઈટી એક્ટની કલમ ૬૬(ડી) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.આ મામલે ક્રાઈમ બ્રાન્ચ પોલિસે તપાસ માટે એક ટીમ રાજસ્થાન મોકલી હતી. ક્રાઈમ બ્રાન્ચ પોલિસે આ મામલે રાજસ્થાનથી એક વ્યક્તિની ધરપકડ કરી લીધી છે. પોલિસે જણાવ્યું કે, પકડાયેલો આરોપી ગુજ્જરને આજે બપોરના મુંબઈ લાવવામાં આવશે. સલમાન ખાનની વાત કરીએ તો હાલમાં તેની ૩ કલાક પુછપરછ કરવામાં આવી છે. આ સિવાય સોહેલ અને અરબાઝ ખાન સાથે પણ ૨-૨ કલાક પુછપરછ કરી હતી. જેમાં સલમાન ખાને કહ્યું કે, તે હવે સતત મળી રહેલી ધમકીઓથી પરેશાન થયો છે. આ સિવાય તેમના બંન્ને ભાઈએને પણ અંદાજે ૧૫૦ સવાલો કરવામાં આવ્યા હતા. હેલ્થ ઈશ્યુના કારણે તેના પિતા સલમી ખાનને આ મામલે પુછપરછમાં સામેલ કરવામાં આવ્યા નથી.



'બિગ બોસ ૧૭'માં તેના પતિ વિકી જૈન સાથે જોવા મળી હતી જ્યાં કપલના બદલાતા રંગો જોવા મળ્યા હતા

# અંકિતા લોખંડેની સાસુનું થયું હ્રદય પરિવર્તન!

અંકિતા લોખંડે ટીવીની સૌથી લોકપ્રિય અભિનેત્રીઓમાંની એક છે જે ક્યારેક સુશાંત સિંહ રાજપૂત સાથેના તેના સંબંધ તો ક્યારેક તેની સાસુ સાથે ચર્ચામાં રહે છે. અભિનેત્રી 'બિગ બોસ ૧૭'માં તેના પતિ વિકી જૈન સાથે જોવા મળી હતી જ્યાં કપલના બદલાતા રંગો જોવા મળ્યા હતા. અંકિતા લોખંડે ત્યારે ચર્ચામાં આવી જ્યારે તેના સાસુએ તેના પુત્ર વિકી જૈનને શોમાં પ્રવેશતાની સાથે જ તેને ટેકો આપતા તેને અભિનેત્રીને ઠપકો આપ્યો અને તેને બોલવાની તક પણ ન આપી. હવે ફરી એકવાર 'પવિત્ર રિશ્તા' ફેમ અંકિતા લોખંડે તેની સાસુ સાથે શેર કરેલા વીડિયોથી ફરી ચર્ચામાં આવી છેઆ



લેટેસ્ટ વીડિયોમાં બંનેને એકસાથે જોઈને યુઝર્સ કોમેન્ટ બોક્સમાં સવાલો પૂછી રહ્યા છે. એકે લખ્યું, 'આ હ્રદય પરિવર્તન કેવી રીતે અને ક્યારે થયું?', જ્યારે બીજાએ ટિપ્પણી કરી, 'ભાઈ, આ શું થઈ રહ્યું છે, ક્યારેક તે તેની વહુ વિશે ખરાબ બોલે છે તો ક્યારેક તેના પર પ્રેમ વરસાવે છે.'અભિનેત્રી અંકિતા લોખંડેએ તેની સાસુ સાથે શેર કરેલા વીડિયોમાં બંને એકસાથે મંદિરની મુલાકાત લેતા જોવા મળે છે. બંનેને ક્યારેક લડતા તો ક્યારેક એકબીજા પર પ્રેમ વરસાવતા જોઈને લોકો આશ્ચર્યચકિત થઈ જાય છે, જેના કારણે આ વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તે તાજેતરમાં જ ફિલ્મ સ્વાતંર્ત્યવીર સાવરકરમાં જોવા મળ્યો હતો.

### ફિલ્મનું શૂટિંગ ચંદેરી શહેરમાં થયું હતું

# રાજકુમાર અને શ્રદ્ધા કપૂરની ફિલ્મ 'સ્ત્રી ૨'નું ધમાકેદાર ટીઝર રીલિઝ

રાજકુમાર રાવ અને શ્રદ્ધા કપૂરની અવેટેડ ફિલ્મ 'સ્ત્રી ૨'નું ધમાકેદાર ટીઝર ઓનલાઈન લીક થઈ ગયું છે. આ ટીઝર જોયા પછી, સ્પષ્ટ છે કે 'સ્ત્રી ૨' લોકોને પહેલા કરતા વધુ ડરાવશે અને કોમેડીથી ફરી ધમાલ મચાવશે.આ ફિલ્મના ટીઝરમાં શ્રદ્ધા કપૂર અને રાજકુમાર રાવ સિવાય તમન્ના ભાટિયાની પણ ઝલક પણ જોવા મળી હતી. જોકે કોપી રાઈટ લાગતા તે વીડિયોને ડિલીટ કરી દેવામાં આવ્યો છે. પણ બીજો ટીઝરનો વીડિયો હાલ જોવા મળી રહ્યો છે.આ ૫૪ સેકન્ડના આ ટીઝરમાં રાજકુમાર રાવથી શરૂ થાય છે. તેની બાજુમાં ઉભેલા પંકજ ત્રિપાઠીને કોણ કહે છે – 'તે ખરેખર આવી છે. આ પછી, મહિલા ખતરનાક લુકમાં જોવા મળે છે, જેના પછી બધા ડરમાં જોવા મળે છે. વીડિયોમાં કેટલીક જગ્યાએ એવું લાગી રહ્યું છે કે આ રાજકુમાર અને શ્રદ્ધા કપ




ૂરની લવસ્ટોરીની શરૂઆત છે, જ્યારે અન્ય સ્થળોએ રાજકુમાર તેના ગ્રામજનો અને મિત્રો સાથે એક મહિલાને શોધવા નીકળે છે.આ ઓનલાઈન લીક થયેલા ટીઝરમાં તમન્ના ભાટિયાની એક નાની ઝલક પણ જોવા મળી હતી. આ જોઈને અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે તે ફિલ્મમાં ખાસ મહેમાન બની શકે છે. જો કે તમન્ના ફિલ્મમાં હોવા અંગે સ્પષ્ટપણે કશું કહી શકાય નહીં. 'સ્ત્રી ૨' વિશે વાત કરીએ તો, જિયો સ્ટુડિયો અને દિનેશ વિજનની હોરર કોમેડી ફિલ્મ 'સ્ત્રી ૨' આ વર્ષે ૧૫ ઓગસ્ટે રિલીઝ થશે, જેની સત્તાવાર જાહેરાત ફિલ્મની સ્ટારકાસ્ટ દ્વારા સોશિયલ મીડિયા પર કરવામાં આવી હતી. આ ફિલ્મનું નિર્દેશન અમર કૌશિકે કર્યુ છે.'સ્ત્રી ૨' આખરે ગયા વર્ષે જુલાઈમાં મધ્ય પ્રદેશના ચંદેરી શહેરમાં ફ્લોર પર ગઈ, જ્યાં હોરર-કોમેડી ફ્રેન્ચાઈઝીનો પ્રથમ હપ્તો પણ સેટ કરવામાં આવ્યો હતો. 'સ્ત્રી' ૨૦૧૮માં આવી હતી અને તેને દર્શકોનો ઘણો પ્રેમ મળ્યો હતો. આ ફિલ્મે પણ બોક્સ ઓફિસ પર જોરદાર

# પાંચ વર્ષ બાદ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ની સોનુ(નિધિ)નું કમબેક

તમને 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'નો જૂનો સોનુ તો યાદ જ હશે. હાલમાં આ શોમાં પલક સિધવાની સોનુનું પાત્ર ભજવી રહી છે. જોકે, અગાઉ આ પાત્ર નિધિ ભાનુશાળીએ ભજવ્યું હતું. શો 'તારક મહેતા'માં નિધિને ખૂબ પસંદ કરવામાં આવી હતી. તેણે વર્ષ ૨૦૧૯માં આ શો છોડી દીધો હતો. પાંચ વર્ષ બાદ તે ફરી એકવાર લોકોના મનોરંજન માટે પરત ફરી છે.૧૩ જૂને એમેઝોન મિની ટીવી પર 'સિસ્ટરહુડ' નામની વેબ સિરીઝ રિલીઝ થઈ છે. નિધિ આ સીરિઝનો એક ભાગ છે. નિધિ આ સીરિઝમાં એક વિદ્યાર્થીની ભૂમિકા ભજવી રહી છે જે શાળાના દિવસોની યાદોને તાજી કરે છે. થોડા સમય પહેલા, તેણે પોતે આ સીરિઝનું ટ્રેલર તેના સોશિયલ મીડિયા હેન્ડલ પર શેર કર્યુ હતું, ત્યારબાદ ચાહકો તેને ફરી એકવાર જોવા માટે ઉત્સાહિત થઈ ગયા હતા. વર્ષ ૨૦૦૭માં જ્યારે 'તારક મહેતા' શો શરૂ થયો ત્યારે સોનુની




ભૂમિકા અભિનેત્રી ઝિલ મહેતાએ ભજવી હતી. જો કે, ત્યારબાદ વર્ષ ૨૦૧૨માં નિધિ ભાનુશાળીએ તેનું સ્થાન લીધું. નિધિ ૭ વર્ષ સુધી આ શોનો ભાગ રહી અને પછી તેણે પોતાનો અભ્યાસ પૂરો કરવા માટે આ શોને અલવિદા કહી દીધું.નિધિએ આ શોથી ઘણી લોકપ્રિયતા મેળવી હતી. શો છોડ્યા બાદ ફેન્સ તેને ખૂબ મિસ કરતા હતા. જોકે, તે સોશિયલ મીડિયા દ્વારા તેના ફેન્સ સાથે જોડાયેલી રહી. તે અવારનવાર તેની તસવીરો અને વીડિયો પોસ્ટ કરતી હતી. સોશિયલ મીડિયા પર તેની સારી ફેન ફોલોઈંગ છે. ઈન્સ્ટાગ્રામ પર તેને ૧૦ લાખથી વધુ લોકો ફોલો કરે છે.



# બાગેશ્વર ધામમાં આવીને બાબા બાગેશ્વરની શરણ લીધી

## સંજય દત્તે બાગેશ્વર ધામમાં આવીને કહ્યું કે તે દેશ અને દુનિયાના લોકો માટે આસ્થાનું મોટું કેન્દ્ર છે, હું વારંવાર અહીં આવીશ

સંજય દત્તે બાગેશ્વર ધામમાં આવીને કહ્યું કે તે દેશ અને દુનિયાના લોકો માટે આસ્થાનું મોટું કેન્દ્ર છે. હું અહીંના ભક્તોની શ્રદ્ધાથી અભિભૂત છું. મહારાજજીને મળીને એવું લાગ્યું કે જાણે હું તેમને વર્ષોથી ઓળખું છું. બોલિવૂડ એક્ટર સંજય દત્ત ખૂબ જ આધ્યાત્મિક છે. સંજય તેમની ટીમ સાથે ૧૫ જૂન ૨૦૨૪ની સાંજે એમપીના છતરપુર જિલ્લામાં સ્થિત બાગેશ્વર ધામ પહોંચ્યો હતો. તેમણે બાગેશ્વર ધામ બાલાજી મહારાજની મુલાકાત લીધી હતી. સંજય દત્ત ૧૫ જૂને બપોરે ૪ વાગ્યે મુંબઈથી નીકળ્યો હતો. તેઓ સાંજે ૬.૩૦ વાગ્યે ખજુરાહો એરપોર્ટ પહોંચ્યા હતા. જ્યાં ધામ પરિવાર દ્વારા અભિનેતાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પછી સંજય દત્ત કારમાં બેસીને બાગેશ્વર ધામ પહોંચ્યા. સંજય દત્તે સૌપ્રથમ ભગવાન બાલાજીને જોયા અને પ્રદક્ષિણા કરી અને માથું





નમાવ્યું. આ પછી તેઓ ધામના પીઠાધીશ્વર પંડિત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીને મળ્યા અને તેમના આશીર્વાદ લીધા. સંજય દત્તે બાગેશ્વર ધામમાં આવીને કહ્યું કે તે દેશ અને દુનિયાના લોકો માટે આસ્થાનું મોટું કેન્દ્ર છે. હું અહીંના ભક્તોની શ્રદ્ધાથી અભિભૂત છું. મહારાજજીને મળીને એવું લાગ્યું કે જાણે હું તેમને વર્ષોથી ઓળખું છું. મેં તેની સાથે વિતાવેલો સમય મારા જીવનનો શ્રેષ્ઠ સમય હતો. હું વારંવાર બાગેશ્વર ધામમાં આવીશ. આ એક અદ્ભુત સ્થળ છે. બાલાજી સરકારની અદભૂત કૃપા આ સ્થાન પર રહે છે. તમને જણાવી દઈએ કે સંજય દત્ત બહુ ઓછી મુસાફરી કરે છે. મુંબઈમાં રહીને તે પોતાની ફિટનેસ અને ફિલ્મો પર ધ્યાન આપે છે. સંજય દત્ત અવારનવાર પોતાના જિમના વીડિયો ફેન્સ સાથે સોશિયલ મીડિયા પર શેર કરતો જોવા મળે છે. ઉંમર હોવા છતાં તે કસરતને લઈને ખૂબ જ સાવધ જોવા મળ્યો છે. ચાહકો પણ તેને પોતાની પ્રેરણા માને છે. અને તેમની પ્રશંસા પણ કરો. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો સંજય દત્તની ટૂંક સમયમાં ઘણી ફિલ્મો આવી રહી છે. પાઈપલાઈનમાં ઘણા બધા છે. જેમાં 'વેલકમ ટુ ધ જંગલ'નો સમાવેશ થાય છે. ૨૦૨૪ની મોસ્ટ અવેટેડ ફિલ્મોમાં આનો સમાવેશ થાય છે. સંજય દત્તની 'ઘુડછડી'ની જાહેરાત પણ ઘણા સમય પહેલા થઈ હતી. તેના સિવાય તેમાં રવિના ટંડન અને પાર્થ સમથાન પણ છે. સંજય દત્તની આગામી ફિલ્મોમાં 'માસ્ટર-બ્લાસ્ટર' પણ છે. આમાં તેની સાથે ટાઈગર શ્રોફ પણ જોવા મળશે. ફિરોઝ નડિયાદવાલા આ ફિલ્મ બનાવી રહ્યા છે.

# 'ચંદુ ચેમ્પિયન' ફિલ્મમાં મટકા કિંગ રતન ખત્રી તરીકે કોણ છે?




તાજેતરમાં એમેઝોન પ્રાઈમ વિડિયોએ 'મટકા કિંગ' નામની શ્રેણીની જાહેરાત કરી હતી. આ ફિલ્મમાં રતન ખત્રીના જીવનની વાર્તા બતાવવામાં આવશે. પોતાના અભિનય, સમર્પણ અને અલગ અંદાજમાં કામ કરવા માટે પ્રખ્યાત અભિનેતા વિજય વર્મા 'મટકા કિંગ'માં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યો છે. ફિલ્મનું પોસ્ટર પણ રિલીઝ કરવામાં આવ્યું હતું, જેમાં વિજય રેટ્રો લુકમાં જોવા મળ્યો હતો. આવી સ્થિતિમાં, અમે તમને જણાવી રહ્યા છીએ કે રતન ખત્રી કોણ હતા અને કેવી રીતે 'મટકા કિંગ' બન્યા. અહેવાલો અનુસાર, રતન ખત્રીને ભારતમાં સટ્ટાબાજીની શરૂઆત કરનાર માનવામાં આવે છે અને તેને નવી ઊંચાઈ પર લઈ ગયા હતા. ખત્રી સિંધી પરિવારના હતા. ૧૯૪૭માં ભારતના ભાગલા બાદ ખત્રી પાકિસ્તાનથી ભારત આવ્યા હતા. પછીના જીવનમાં, તેઓ મટકા કિંગ તરીકે જાણીતા થયા. ૧૯૬૨માં મુંબઈમાં સટ્ટાબાજીની એક નવી પદ્ધતિ શરૂ થઈ, જેને મટકા કહેવામાં આવતું હતું. રતન ખત્રીએ તેને મોટા રેકેટમાં ફેરવી નાખ્યું. ખત્રીએ દેશમાં દાયકાઓ સુધી જુગારનું નેટવર્ક સ્થાપ્યું હતું. શરૂઆતમાં રતન ખત્રીએ કલ્યાણજી ભગત માટે કામ કર્યું, જેઓ વરલી મટકા માટે પ્રખ્યાત હતા. પછી તેને મટકા કિંગ કહેવામાં આવ્યો. તેણે ટૂંક સમયમાં રતન મટકા સાથે સ્વતંત્ર કામ શરૂ કર્યું. એવું માનવામાં આવતું હતું કે વિશ્વભરની પ્રખ્યાત હસ્તીઓ અને પ્રતિષ્ઠિત લોકો તેમના ગ્રાહકો હતા. ભારતમાં ઈમરજન્સી દરમિયાન ખત્રીને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. તેણે ૧૯ મહિના જેલના સળિયા પાછળ વિતાવ્યા. તેઓ ૧૯૯૦ના દાયકામાં સટ્ટાબાજીના વ્યવસાયમાંથી નિવૃત્ત થયા હતા. વર્ષ ૨૦૨૦માં તેમનું અવસાન થયું હતું. મટકા જુગારના શરૂઆતના દિવસોમાં ન્યુયોર્ક કોટન એક્સચેન્જથી બોમ્બે કોટન એક્સચેન્જ સુધી કપાસના શરૂઆતના અને બંધ ભાવો પર દાવ લગાવવામાં આવતો હતો. ૧૯૬૦ ના દાયકામાં, આ સિસ્ટમમાં પરિવર્તન આવ્યું અને રેન્ડમ નંબરો દોરવાની અને પોટમાંથી સ્લિપ દોરવાની સિસ્ટમ દાખલ કરવામાં આવી. રતન ખત્રી પત્તાંની મદદથી મટકાના પરિણામ જણાવવા માટે જાણીતો હતો. 'મટકા કિંગ' શ્રેણીના નિર્માતાઓ અનુસાર, આ એક કાલ્પનિક વાર્તા હશે જે ૧૯૬૦ના દાયકાના મુંબઈમાં સેટ કરવામાં આવી હતી. જ્યાં કપાસના નવા વેપારી, આદર અને કાયદેસરતા માટે ભૂખ્યા, મટકા નામની નવી જુગારની રમત શરૂ કરે છે.

# વીસ વર્ષ નાની અભિનેત્રી ચિરાગ પાસવાનના પ્રેમમાં

આ અભિનેત્રી ચિરાગ પાસવાન પર પોતાનું દિલ હારી બેઠી છે, સોશિયલ મીડિયા પર વીડિયો શેર કરીને ખુલ્લેઆમ પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો છે. તમને જણાવી દઈએ કે, ચિરાગ પાસવાન બોલિવુડમાં કામ કરી ચુક્યો છે. લોકસભાની ચૂંટણી ૨૦૨૪નું રિઝલ્ટ આવતાની સાથે જ મોદી સરકાર ૩.૦ સત્તામાં આવ્યા બાદ તેના કેબિનેટના મંત્રીઓની ખુબ ચર્ચાઓ થઈ રહી છે. સૌથી વધુ ચર્ચામાં એક નામ રહ્યું છે. આ નામ કેન્દ્રિય મંત્રી ચિરાગ પાસવાનનું છે. ચિરાગ પાસવાન એક અભિનેતાની સાથે





સાથે રાજનેતા પણ છે. એક્ટિંગમાં નિષ્ફળ રહેતા રાજકારણમાં એન્ટ્રી કરી છે, આજે ચિરાગ પાસવાન પર લાખો છોકરીઓ ફિદા છે. ચિરાગ પાસવાનના ફોટો અને વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે.ત્યારે હવે એક અભિનેત્રી પણ ચિરાગ પાસવાનના પ્રેમમાં પડી છે. ભોજપુરીની આ અભિનેત્રીએ ખુલ્લેઆમ સોશિયલ મીડિયા પર ચિરાગ પાસવાનને પોતાના દિલની વાત કહી છે. આ અભિનેત્રી બીજી કોઈ નહિ પરંતુ નિશા દુબે છે. તેમણે પોતાના ઈન્સ્ટાગ્રામ પર ચિરાગ પાસવાનનો એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયમાં ચિરાગ પાસવાન શપથ લઈ રહ્યો છે.

# બોલીવુડ એક્ટ્રેસ આલિયા ભટ્ટનો વધુ એક ડીપફેક વીડિયો

છેલ્લા કેટલાક દિવસોથી ઈન્ટરનેટ પર સેલેબ્સના ડીપફેક વીડિયો વાયરલ થઈ રહ્યા છે અને આ દરમિયાન માત્ર સાઉથ જ નહીં પરંતુ બોલિવૂડના ઘણા સ્ટાર્સ પણ તેનો શિકાર બન્યા છે. થોડા મહિના પહેલા રણવીર સિંહનો વીડિયો વાયરલ થયો હતો ત્યારે હવે બોલિવૂડની અભિનેત્રી આલિયા ભટ્ટનો વીડિયો પણ વાયરલ થયો છે. ઈન્ટરનેટ પર બોલિવૂડ એક્ટ્રેસ આલિયા ભટ્ટના એક ડીપફેક વીડિયોની ચર્ચા છે અને આ આશ્ચર્યજનક છે કારણ કે આ પહેલા પણ એક્ટ્રેસનો એક વીડિયો વાયરલ થયો હતો જેમાં તે તેનો શિકાર બની હતી. વીડિયો જોયા બાદ આલિયાના ફેન્સ ગુસ્સે થઈ ગયા છે.તમને જણાવી દઈએ કે 'ગેટ રેડી વિથ મી' સોશિયલ મીડિયા પર એક જાણીતો શબ્દ છે જ્યાં લોકો કોઈ ઈવેન્ટમાં જતા પહેલા તેમના તૈયાર થવાનો સંપૂર્ણ વીડિયો બતાવે છે. આમાં ચાહકોએ આલિયા ભટ્ટને સ્પોટ કરી છે. ખરેખર, જે વીડિયો સામે આવ્યો છે તેને અત્યાર સુધીમાં ૧૭ મિલિયનથી વધુ વખત જોવામાં આવ્યો છે અને તેમાં આલિયા ભટ્ટના ચહેરાની મદદ લેવામાં આવી છે. આવી સ્થિતિમાં આ વીડિયો જોયા બાદ ફેન્સનો ગુસ્સો વધી ગયો છે. યુઝરે ઈન્સ્ટાગ્રામ પર 'અનફિક્સ ફેસ' નામથી વીડિયો શેર કર્યો છે.જો કે, ડીપફેક ક્લિપ વાયરલ થયા પછી તરત જ, આલિયા ભટ્ટના ચાહકોએ તેના પર પ્રતિક્રિયા આપવાનું શરૂ કર્યું.



### સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા પણ રહ્યા ઉપસ્થિત

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં અમદાવાદમાં રિવરફ્રન્ટ ખાતે યુવારન ફાઉન્ડેશન દ્વારા ચિત્ર સ્પર્ધા યોજાઈ



। (માહિતી) અમદાવાદ, તા.૧૭ ।

અમદાવાદમાં રિવરફ્રન્ટ ખાતે યુવારન ફાઉન્ડેશન દ્વારા નિઃશુલ્ક ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી, જેમાં સ્પર્ધકોનો ઉત્સાહ વધારવા અને તેમને પ્રોત્સાહિત કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તથા સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં આશરે ૨૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રજ્ઞાચક્ષુ અને દિવ્યાંગ સ્પર્ધકો પણ સામેલ હતા. મુખ્યમંત્રીશ્રીએ સ્પર્ધકો પાસે જઈ તેમણે કંડારેલાં ચિત્રો નિહાળી અભિનંદન આપી પ્રોત્સાહિત કર્યા હતા. યુવારન ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ ચિત્ર સ્પર્ધા ચાર ગ્રૂપમાં યોજાઈ હતી. જેમાં પ્રથમ ગ્રૂપમાં ૭થી ૧૧ વર્ષનાં બાળકો, બીજા ગ્રૂપમાં ૧૨થી ૧૭ વર્ષનાં બાળકો, ત્રીજા ગ્રૂપ માં ૧૮થી ૨૫ વર્ષનાં બાળકો અને ચોથા ગ્રુપમાં ૨૬થી વધુ વર્ષના લોકોએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. દરેક ગ્રૂપમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરનારને આકર્ષક રોકડ પુરસ્કાર તેમજ મેડલ અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા. પ્રથમ નંબર પ્રાપ્ત કરનારને રૂ. ૧૧,૦૦૦, દ્વિતીય નંબર પ્રાપ્ત કરનારને રૂ. ૫૫૦૦ અને તૃતીય નંબર પ્રાપ્ત કરનારને રૂ. ૨૫૦૦નો રોકડ પુરસ્કાર



આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ડેપ્યૂટી મેયર શ્રી જતીનભાઈ પટેલ, મ્યુનિ. પક્ષના નેતા શ્રી ગૌરાંગભાઈ પ્રજાપતિ, યુવારન ફાઉન્ડેશનના શ્રી હરેશ કૈલા તથા મોટી સંખ્યામાં બાળકો અને તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# MIFF 2024 ખાતે ડોક્યૂમેન્ટ્રી ફિલ્મ "માય મર્ક્યુરી"નું પ્રીમિયર



। નવી દિલ્હી, તા.૧૭ ।

ડૉક્યૂમેન્ટ્રી , શોર્ટ ફિક્શન અને એનિમેશન ફિલ્મો માટે મુંબઈ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ (MIFF)ની ૧૮મી આવૃત્તિમાં આજે ડૉક્યૂમેન્ટ્ર "માય મર્ક્યુરી"નું મોટા પડદે ઈન્ટરનેશનલ પ્રીમિયર દર્શાવવામાં આવ્યું હતું. જોએલ ચેસેલેટ દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મ તેના ભાઈ, યવેસ ચેસેલેટના જીવનની ઊંડી અંગત અને પડકારજનક સફર રજૂ કરે છે, જે દક્ષિણ આફ્રિકાના નામિબિયાના દરિયાકિનારે મર્ક્યુરી ટાપુ પર એકલા સંરક્ષણવાદી છે.

ચેસેલેટ કહે છે, "ટાપુ પર રહેવા માટે તમારે એક ચોક્કસ પ્રકારના વ્યક્તિત્વની જરૂર છે," વિશ્વના ઘોંઘાટ અને ધસારોથી બચવાની તેના ભાઈની ઈચ્છાને પ્રકાશિત કરે છે. ૧૦૪ મિનિટની આ ડૉક્યૂમેન્ટ્રી યવેસ ચેસેલેટની અસાધારણ દુનિયામાં પગ મૂકે છે અને મર્ક્યુરી આઈલેન્ડ પર સંરક્ષણ માટેના તેના પ્રયાસો રજૂ કરે છે, જ્યાં દરિયાઈ પક્ષીઓ અને સીલ તેના એકમાત્ર સાથી બની જાય છે. લુપ્તપ્રાય પ્રજાતિઓ માટે ટાપુ પર ફરીથી દાવો કરવાનું તેમનું સાહસિક મિશન બલિદાન, વિજય અને માણસ અને પ્રકૃતિ વચ્ચેના ગહન બંધનોની મનમોહક વાર્તા તરીકે પ્રગટ થાય છે. આ ફિલ્મ લુપ્તપ્રાય સમુદ્રી પક્ષીઓ અને અન્ય વન્યજીવોના ઘટાડાને સીલથી અસ્તિત્વના જોખમોનો સામનો કરે છે.

એમઆઈએફએફની ૧૮મી આવૃત્તિ ૧૫મી જૂનથી ૨૧મી જૂન ૨૦૨૪ દરમિયાન મુંબઈના પેડર રોડ ખાતેના નેશનલ ફિલ્મ ડેવલપ મેન્ટ કોર્પોરેશન-ફિલ્મ ડિવિઝન પરિસરમાં યોજાઈ રહી છે. ચેસેલેટ "માય મર્ક્યુરી"ને એક ઈકો-સાયકોલોજિકલ ફિલ્મ તરીકે વર્ણવે છે જે મનુષ્યની જટિલ માનસિકતા અને પ્રકૃતિ સાથેના આપણા આનંદદાયક સંબંધની શોધ કરે છે. તેમણે કહ્યું, "એક ટાપુ એ મર્યાદિત અને પડકારરૂપ જગ્યા છે," એવું સૂચન કર્યું કે આવા વાતાવરણ માનસિક રીતે થકાવી દેનારા હોય છે. ચેસલેટે ભારપૂર્વક કહ્યું, "ફિલ્મમાં જે બન્યું તે બધું જ સાચું છે," તેમણે વધુમાં કહ્યું કે ગુમ થયેલા ફૂટેજની જગ્યાએ કેટલાંક માત્ર પુનઃનિર્માણ કરવામાં આવ્યા હતા. ફિલ્મનું કેન્દ્રબિંદુ, મર્ક્યુરી ટાપુ, નાયક માટે "સોલ સ્પેસ" તરીકે દર્શાવવામાં આવ્યું છે, જે તેના પ્રયત્નો દ્વારા સ્વર્ગમાં પરિવર્તિત થયું છે. ફિલ્મનું શીર્ષક, માય મર્ક્યુરી, ટાપુ સાથેના આ ઘનિષ્ઠ જોડાણને દર્શાવે છે.

## મંડળ રેલવે હોસ્પિટલ સાબરમતીમાં રક્તદાન શિબિરનું આયોજન



। અમદાવાદ, તા.૧૭ ।

પશ્ચિમ રેલ્વે ના અમદાવાદ મંડળ પર રેલવે હોસ્પિટલ સાબરમતી માં વિશ્વ રક્તદાન દિવસના ઉપલક્ષમાં રેડ ક્રોસ અમદાવાદ ના સહયોગ થી ૧૫ જૂન ૨૦૨૪ ના રોજ રક્તદાન શિબિર નું આયોજન કરવામાં આવ્યું.હતું. જેનો શુભારંભ મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્મા દ્વારા કરવાંમાં આવ્યો.

મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્મા એ આ અવસર પર જાતે રક્તદાન કર્યું તથા દરેક ને રક્તદાન કરવા અપીલ પણ કરી. તેમણે તેમના સંબોધનમાં કહ્યું કે રક્તદાન ના ફક્ત જરૂરતમંદ દર્દીઓ નો જીવ બચાવી શકે છે પરંતુ આ એક મહાન સામાજિક કાર્ય પણ છે. આપની થોડીક મદદ કોઈનો જીવ બચાવી શકે છે. રક્તદાન કરીને તમે તમારા સામાજિક જવાબદારી ને પુરી કરી શકો છો અને એક નેક કાર્ય માં સહભાગી બની શકો છો.

આ શિબિરમાં મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્મા, અપર મંડળ રેલ પ્રબંધક શ્રી દયાનંદ શાહુ, વરિષ્ઠ મંડળ યાંત્રિક એન્જિનિયર ડીઝલ શેડ સાબરમતી શ્રી અશોક કુમાર, વરિષ્ઠ મંડળ સુરક્ષા આયુક્ત શ્રી બિનોદ કુમાર સહીત મંડળના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા રક્તદાન કરવામાં આવ્યું. આ અવસરે રેલ સુરક્ષા બળ ના સૈનિકોએ ઉત્સાહપૂર્વક આ નેક કાર્યમાં ભાગ લીધો.રેડક્રોસ અમદાવાદ ના સહયોગથી આ અવસરે ૫૦ યુનિટ બ્લડ જમા કરવામાં આવ્યું.

## અમદાવાદ–દરભંગા અંત્યોદય એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ પર દોડશે

। અમદાવાદ, તા.૧૭ ।

ઉત્તર મધ્ય રેલવે પર પ્રયાગરાજ સ્ટેશનના મેજર અપગ્રેડેશનના કામના સંબંધમાં પ્લેટફોર્મ નંબર ૪ અને ૦૫ બંધ કરવામાં આવી રહ્યા છે. જેના કારણે અમદાવાદ-દરભંગા અંત્યોદય એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ પર દોડશે. જેની વિગતો નીચે મુજબ છે.

૨૧ જૂનથી ૧૯ જુલાઈ,૨૦૨૪ સુધી, અમદાવાદ થી ઉપડનારી ટ્રેન નંબર ૧૫૫૬૦ અમદાવાદ - દરભંગા અંત્યોદય એક્સપ્રેસ તેના નિર્ધારિત માણિકપુર - પ્રયાગરાજ - પ્રયાગરાજ રામબાગ - વારાણસીનેબદલેપરિવર્તિતમાર્ગવાયામાણિકપુર-પ્રયાગરાજછિવકી-વારાણસી - જૌનપુર થઈને દોડશે. આ ટ્રેનને પ્રયાગરાજ છિવકી સ્ટેશન પર વધારાનો સ્ટોપ આપવામાં આવ્યા છે.

૧૯ જૂનથી ૨૪ જુલાઈ ૨૦૨૪ સુધીં દરભંગાથી ઉપડનારી ટ્રેન નંબર ૧૫૫૫૯ દરભંગા-અમદાવાદ અંત્યોદય એક્સપ્રેસ તેના નિર્ધારિત માર્ગ વાયા વારાણસી - પ્રયાગરાજ રામબાગ - પ્રયાગરાજ - માણિકપુર ના બદલે પરિવર્તિત માર્ગ વાયા જૌનપુર - વારાણસી - પ્રયાગરાજ છિવકી - માણિકપુર થઈને દોડશે. આ ટ્રેનને પ્રયાગરાજ છિવકી સ્ટેશન પર વધારાનો સ્ટોપ આપવામાં આવ્યા છે.

ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને મુલાકાત લઈ શકે છે.

## સિક્કીમ ખાતે ભૂસ્ખલન થવાથી ગુજરાતના પ્રવાસીઓ માટે રાજ્ય સરકાર સતત સંપર્કમાં

। સિક્કીમ, તા.૧૭ ।

સિક્કીમ રાજ્યના મંગન જિલ્લામાં થયેલ ભારે વરસાદ અને ભુસ્ખલન થવાથી લાચુંગ ગામ ખાતેના દેશના ઘણા પ્રવાસીઓ ફસાયેલા હોવાના સમાચાર પ્રાપ્ત થતા આ અંગે ગુજરાતના પ્રવાસીઓની સલામતી તથા તેઓની પરિસ્થિતિ અંગે મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર દ્વારા સિક્કીમ રાજયના વહીવટી તંત્ર સાથે સતત સંકલન કરી માહિતી મેળવતાં હાલમાં સિક્કીમ રાજયની વહીવટી ટીમ લાચુંગ ગામે પહોંચી છે. રાજ્યના પ્રવાસીઓ લાચુંગ ગામ ખાતે અલગ અલગ હોટલમાં રોકાયેલ હોવાથી કુલ કેટલા પ્રવાસી ફસાયેલા છે.

# દીવડા ગામે દ્વિતીય પુણ્યતિથિ એ ગાયત્રી યજ્ઞ





। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૧૭ ।

કડાણા તાલુકાના દીવડા ગામે શ્રી નરવતસિંહ બી.પુવાર ના પુત્રવધુ સ્વર્ગસ્થ વિલાસબેનની દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે આજરોજ તારીખ ૧૭/૦૬/૨૦૨૪ ને સોમવારના રોજ ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું. શ્રી નરવતભાઈ તેમજ સહકાર્યકર્તાઓ તેમજ શ્રી મીનાબેન સિસોદિયા દ્વારા યજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું.સ્વર્ગસ્થના આત્માને શાંતિ અર્થે મહામૃત્યુંજય ની આહુતિઓ આપવામાં આવેલ હતી ઉપસ્થિત સૌ ભક્તોએ મોટી સખ્યામાં આરતી તેમજ પ્રસાદીનો લાભ લીધો હતો

# ઝાલોદ તાલુકાના લીમડી નગરના મહાદેવ મંદિર આગળ બકરીનુ કાપેલ મોઢું મળ્યું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ ।

ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં ગોધરા રોડ ઉપર હિન્દુ આસ્થા સાથે જોડાયેલ મહાદેવ ભગવાનનુ મંદિર આવેલું છે. અહીં દરરોજ મોટા પ્રમાણમાં હિન્દુઓ મંદિરે દર્શનાર્થે આવતા હોય છે. આ મહાદેવ મંદિરની આગળ કોઈ અસામાજિક તત્ત્વો દ્વારા બકરીનુ મોઢુ નાખી જતા અજાણ્યા ઈસમો દ્વારા હિન્દુઓની ભાવનાને ઠેસ પહોંચાડવાની કોશિશ કરેલ છે. આ અંગે લીમડી નગરમાં ચર્ચાએ જોર પકડતાં હિન્દુ સમાજમાં રોષની લાગણી ફેલાઈ ગયેલ હતી. હિન્દુ સંગઠનના કાર્યકર્તાઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયેલ હતા અને જોત જોતામાં મોટા પ્રમાણમાં હિન્દુ સમાજના લોકોના ટોળે ટોળા ઉમટી પડેલ હતા. હીન્દુ સંગઠન દ્વારા આ મામલાને ગંભીરતાથી લઈ પોલીસને જાણ કરવામા આવેલ હતી.આ મામલાને લીમડી પોલીસ દ્વારા ગંભીરતા પૂર્વક લઈ કાયદો વ્યવસ્થા જાળવી હતી અને હિન્દુ સમાજની આસ્થાને ઠેસ પહોંચાડનાર આવા અજાણ્યા ઈસમો પર વોચ રાખી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં અમદાવાદ શહેર પોલીસ દ્વારા આયોજિત 'સમર કેમ્પ ૨૦૨૪'નું સમાપન સત્ર યોજાયું

। (માહિતી) અમદાવાદ, તા.૧૭ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં અમદાવાદ શહેર પોલીસ દ્વારા આયોજિત 'સમર કેમ્પ ૨૦૨૪'નું સમાપન સત્ર યોજાયું હતું. અમદાવાદના શેલામાં સ્થિત ઔડા ઓડિટોરિયમમાં આયોજિત આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ હળવા અંદાજમાં સંબોધન કરતા જણાવ્યું કે, વર્તમાન સમયમાં બાળકોને ટીવી, મોબાઈલ સહિતનાં ઈલેક્ટ્રોનિક ગેજેટ્સથી દૂર રાખવા એ વાલીઓ માટે ખૂબ મોટો પડકાર બની ગયો છે. તેવામાં સમર કેમ્પ જેવાં આયોજન થકી બાળકો ગેજેટ્સથી દૂર રહી રચનાત્મક પ્રવૃત્તિમાં જોડાયાં, એ આનંદની બાબત છે. બાળકો માટે આવાં જરૂરી છે. શિક્ષણની સાથોસાથ બાળકોના સર્વાંગી વિકાસ માટે રમત-ગમત પણ આવશ્યક છે, એવું તેમણે ઉમેર્યું હતું. સમર કેમ્પના આયોજકોને અભિનંદન પાઠવીને મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલી 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની સંકલ્પના પોલીસ લાઈનમાં સાકાર થાય છે. જ્યાં વિવિધ પ્રદેશ અને સમુદાયમાં થી આવતા પોલીસ જવાનોના પરિવારો હળીમળીને રહે છે. બાળકો એકબીજાની વધુ નજીક લાવવા અને પરિવાર ભાવનાને મજબૂત કરવાનું સબળ માધ્યમ છે. શિક્ષિત અને કૌશલ્યવાન બાળકોથી જ વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થશે, એમ તેમણે ઉમેર્યું હતું. આ અવસરે મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, સમર કેમ્પ થકી બાળકોમાં નવી ચેતનાનો સંચાર થયો છે. આવા કેમ્પ થકી બાળકોમાં વધુને વધુ રચનાત્મકતા ખીલશે. આ આયોજન બદલ તેમને પોલીસ કમિશનર સહિત સમગ્ર પોલીસ વિભાગને બિરદાવ્યો હતો અને આગામી સમયમાં સરકાર પોલીસ લાઈનમાં રહેતી મહિલામાં ઉદ્યોગ સાહસિકતા અને કૌશલ્યવર્ધન માટે તાલીમનું આયોજન કરાશે, તેવી વાત તેમણે કરી હતી. આ અવસરે સ્વાગત પ્રવચન કરતા શહેર પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિકે જણાવ્યું હતું કે, આ સમર કેમ્પથી બાળકોમાં કળા - કૌશલ્યનો



વિકાસ થયો છે. જેની ખુશી બાળકો અને તેમના વાલીઓના ચહેરા પર જોવા મળી રહી છે. આ ઉપ રાંત ચાલુ વર્ષે અમદાવાદ શહેરમાં ગુનાખોરીમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. જેનો શ્રેય તેમણે અમદાવાદના તમામ પોલીસ અધિકારી - કર્મચારીઓને આપ્યો હતો. કેમ્પ વિશે પ્રતિભાવ આપતા ઓઢવ પોલીસ લાઈનની વિદ્યાર્થિની માહી મોરીએ કહ્યું કે, અમને સમર કેમ્પ માં ખૂબ મજા આવી. બાળકીએ કાલીઘેલી ભાષ-ામાં સમર કેમ્પ દર વર્ષે યોજવા અપીલ પણ કરી હતી. એક વાલી અલકાબહેન ત્રિવેદીએ જણાવ્યું કે, શિક્ષણની સાથે કૌશલ્ય વિકાસ પણ ખૂબ જરૂરી છે. સમગ્ર સમર કેમ્પમાં પોલીસ વિભાગે બાળકોનું વિશેષ ધ્યાન રાખ્યું. આ આયોજનથી બાળકોમાં અનેક સુટેવો વિકસી છે. ઉલ્લેખનીય છે કે, ૧૬/૦૫/૨૦૨૪ના રોજ પહેલો સમર કેમ્પ યોજવામાં આવ્યો હતો. ત્યારબાદ શહેરની વિવિધ ૧૫ પોલીસ લાઈનમાં સમર કેમ્પનું આયોજન થયું હતું. જેમાં ૬૦૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. સમર કેમ્પ માં સેલ્ફ ડિફેન્સ, માર્શલ આર્ટ, ડ્રોઈંગ, પેપર ક્રાફટ, પેઈન્ટિંગ, સંગીત, નૃત્ય, કેલિગ્રાફી, કમ્પ્યૂટર તાલીમ, યોગ સહિતની તાલીમો અને સ્પર્ધાનું આયોજન કરાયું હતું. આજના સમાપન સત્રમાં અમદાવાદના સાંસદ શ્રી હસમુખ પટેલ, રાજ્યસભાના સાંસદ શ્રી નરહરિ અમીન, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન, રાજ્ય પોલીસ વડા શ્રી વિકાસ સહાય, અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી જી.એસ. મલિક, વિશેષ શાખાના ખાસ પોલીસ કમિશનર શ્રી અજય ચૌધરી ધારાસભ્ય સર્વશ્રીઓ અમિત શાહ, જીતુભાઈ પટેલ, કૌશિક જૈન તથા શહેરના ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ તથા તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. પરિવાર સાથેના જોડાણ અને બંધનને તાજાં કરવાનો દિવસ. ભૂતકાળમાં તમારા પ્રિયપાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે કોઈ વડીલ વ્યક્તિ તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. સાચા અને ઉદાર પ્રેમ માટે તમને વળતર મળવાની શક્યતા છે. તમારે નિરાશાથી પીડાશો-કેમ કે જે નામ-પ્રતિષ્ઠા તથા વળતરની તમને અપેક્ષા હતી.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમે જે કંઈ પણ કામ કરશો તે ઊર્જાથી સભર હશો, તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. પરિવારમાં કોઈ મહિલા સભ્યની તબિયત ચિંતાનું કારણ બનશે. રૉમાન્સ માટે સારો દિવસ. લાંબા ગાળાના લાભો ધરાવતા પ્રૉજેક્ટ્સ પર તમારે કામ કરવું જોઈએ.

**કર્ક (ડ,હ) :**
આજે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. તમારા નિર્ણયો બાળકો પર થોપવાથી તેઓ નારાજ થશે. એના કરતાં તેમને સમજાવો જેથી જેઓ સમજપૂર્વક તેનો સ્વીકાર કરે. પ્રેમ તથા રૉમાન્સ તમને ખુશખુશાલ મૂડમાં રાખશે. તમારા વ્યાવસાયિક ધ્યેયોને હાંસલ કરવા માટે તમારી ઊર્જાને યોગ્ય દિશામાં વાળવા માટે આ યોગ્ય સમય છે.

**સિંહ (મ,ટ) :**
આજેના દિવસે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. રસોડા માટે જરૂરી ચીજની ખરીદી સાંજે તમને વ્યસ્ત રાખશે. રૉમેન્ટિક ગૂંચવણ તમારી ખુશીમાં મસાલો ઉમેરશે. છૂટક તથા જથ્થાબંધ વેપારીઓ માટે સારો દિવસ. પ્રવાસને કારણે તમે નવા સ્થળો જોઈ શકશો તથા મહત્વના લોકો ને મળી શકશો. તમારા લગ્નજીવનમાં આજનો દિવસ વિશિષ્ટ છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારો ગુસ્સો રાઈમાંથી પર્વત સર્જી શકે છે-જે તમારા પરિવારના સભ્યોને નારાજ કરશે. એ મહાન આત્માઓ ખરેખર નસીબદાર છે જેમની બુદ્ધિ ગુસ્સાને અંકુશ હેઠળ રાખે છે. ગુસ્સો તમને બાળે તે પહેલા તેને બાળો. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. પારિવારિક જવાબદારીઓ ભૂલશો નહીં.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવાય એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. તમારા પ્રેમી કે પ્રેમિકાને ન ગમતા હોય તેવા કપડાં પહેરવાનું ટાળો કેમ કે એનાથી તેમની લાગણી દુભાઈ શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારી શક્તિને પુનઃપ્રાપ્ત કરવા સંપૂર્ણ આરામ લો કેમ કે નબળું શરીર મગજને પણ નબળું પાડે છે. તમારે તમરી સાચી ક્ષમતા વિશે સમજવું રહ્યું કેમ કે તમે દઢતામાં પાછળ નથી પડતા પણ ઈચ્છાશક્તિમાં પડો છો. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. મુશ્કેલીના સમયમાં તમારી મદદ કરનારા સંબંધીઓ તરફ તમારી કૃતજ્ઞતા વ્યક્ત કરો.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. તમને પ્રેમ કરતા તથા તમારી દરકાર કરતા લોકોની સંગતમાં થોડોક ગુણવત્તાયુક્ત સમય વિતાવજો. તમારા સ્મિતોનો કોઈ જ અર્થ નથી-હાસ્યનો કોઈ અવાજ નથી-હૃદય પણ થડકો ચૂકી ગયું છે કેમ કે તમે કોઈકનો સાથ મિસ કરી રહ્યા છો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે ૫૫ વર્ષથી વધુ ની ઉમરના લોકો એ સ્વાસ્થયની ખાસ સંભાળ લેવાની જરૂર છે. તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો. પરિવારના સભ્યો તરફથી મળેલી સારી સલાહ તમારી માટે આજે લાભ થશે. પ્રેમ હંમેશાં ઊંડી ભાવનાઓ ધરાવતું હોય છે અને આજે તમને એનો અનુભવ થશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે સવારથીજ તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે કેમ કે તમે તમારી ઘરને લગતી ફરજોને નજરઅંદાજ કરી રહયા છો. તમારા જીવનસાથી પ્રત્યે તમારૂં બેદરકારીભર્યું ધ્યાન ઘરમાં તાણભરી ક્ષણો લાવી શકે છે. કામના સ્થળે પરિસ્થિતિ સારી જણાય છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે ખાસ કરીને હૃદયરોગના દરદીઓએ કૉફી છોડી દેવી. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો। અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. તમારા મિત્રો સાથે તમે વિતાવેલા સારા સમયને યાદ કરી મિત્રતાને નવપલ્લવિત કરવાનો સમય.

## ન્યૂઝ બ્રિફ

### મનપાના પ્લોટ પર યુસુફે ઉભા કરેલા તબેલા પર તપાસ શરૂ

। (એજન્સી) વડોદરા , તા.૧૭ ।

રાજકારણમાં કોઈ કાયમી દોસ્ત કે કાયમી દુશ્મન નથી હોતું. આ વાત ફરી એકવાર સાબિત થઈ ગઈ છે. વાત એમ છે કે, ક્રિકેટર યુસુફ પઠાણ મમતા બેનરજીના પક્ષ તૃણમૂલ કોંગ્રેસમાંથી ચૂંટાઈને સાંસદ બની ગયા છે. આ સાથે જ તેઓ ભાજપના દુશ્મન થઈ ગયા છે. વડોદરાના તાંદળજામાં મ્યુનિસિપાલિટીના પ્લોટ પર યુસુફ પઠાણે તબેલો ઊભો કર્યો છે. તેથી ભાજપના કોર્પોરેટરે આ પ્લોટ પાછો લઈ લેવાની રજૂઆત કરી હતી, પરંતુ ભાજપે પાલિકાની સામાન્ય સભામાં આ અંગે સર્વાનુમતે દરખાસ્ત મંજૂર કરી દીધી. આમ, એ વખતે ભાજપને પઠાણ સાહેબને પ્લોટ આપવામાં વાંધો ન હતો, પરંતુ હવે તેઓ તૃણમૂલમાં છે એટલે વાંધો પડ્યો. તૃણમૂલ સાંસદ યુસુફ પઠાણ સામે કોર્પોરેશનના પ્લોટ પર છેલ્લા કેટલાક સમયથી કબજો જમાવ્યો છે. તેમને વડોદરા મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણાએ નોટિસ ફટકારીને જમીન ખાલી કરવા સૂચના આપી છે.

### દેવભૂમિદ્વારકાના ખંભાળિયામાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

।(એજન્સી) દેવભૂમિદ્વારકા, તા.૧૬।

દેવભૂમિદ્વારકાના ખંભાળિયામાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. ખંભાળિયામાં ૪ કલાકમાં ૭.૫ ઈંચ વરસાદ ખાબકતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. અનેક વિસ્તોરમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા સામે આવી છે. તો જોધપુર ગેટ, સ્ટેશન રોડ, બેઠક રોડ સહિતના વિસ્તારોમાં નદીઓ વહેતી થઈ છે. લોકો જેની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહ્યા હતા એવા મેઘરાજાએ રાજ્યમાં કડાકાભડાકા સાથે ધમાકેદાર એન્ટ્રી કરી દીધી છે. દેવભૂમી દ્વારકામાં મેઘરાજા મન મુકીને વરસ્યા છે. ખંભાળીયામાં ૪ કલાકમાં સાડા સાત ઈંચ વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે, તો ભાણવડમાં ૨ ઈંચ વરસાદથી ખેડૂતોમાં ખુશીની લહેર ફરી વળી છે. ખંભાળિયાના અનેક વિસ્તોરમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા સામે આવી છે. તો જોધપુર ગેટ, સ્ટેશન રોડ, બેઠક રોડ સહિતના વિસ્તારોમાં નદીઓ વહેતી થઈ છે. ભારે વરસાદથી લોકોને ગરમીથી રાહત મળી છે. ખંભાળિયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદી માહોલ છવાયો છે. વિજલપર, કેશોદ, ઠાકર શેરડી સહિતના ગામોમાં વરસાદ વરસ્યો છે.

**૪૦ થી વધુ લોકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા । ફાયર બ્રિગેડના જવાનોએ બે કલાકમાં આગને કાબૂમાં લીધી**

# કઠવાડા GIDCમાં બાયોટેક ઇન્ડસ્ટ્રીઝ કંપનીમાં આગ લાગી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

તાજેતરમાં દાણીલીમડાના પટેલ મેદાનમાં આવેલા પતરાના શેડમાં બનાવેલા ગોડાઉનમાં આગ લાગી હતી. આ આગ આસપાસમાં આવેલા કુલ ૭ જેટલા ગોડાઉન સુધી પહોંચી ગઈ હતી. ભારે જહેમત બાદ ફાયર બ્રિગેડના જવાનોએ આગ પર કાબુ મેળવ્યો હતો. ત્યારે આજે કઠવાડા GIDCમાં બાયોટેક ઈન્ડસ્ટ્રીઝ નામની કંપનીમાં આગ લાગવાની ઘટના બની હતી. કેંગન વોટર રીફીલ બનાવતી કંપનીમાં મેગ્નેશિયમના જથ્થામાં આગ લાગી હતી. ફાયરબ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા ૧૮થી વધુની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી આગને કાબૂમાં લીધી હતી. ટેસ્ટિંગ લેબ અને






આરએનડી વિભાગના સ્ટોરમાં મેગ્નેશિયમના જથ્થાના કારણે આગ વધુ પ્રસરી હોય તેવું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે.પ્રાપ્ત વિગતો પ્રમાણએ કઠવાડા GIDC ખાતે રોડ નંબર ૫ પર આવેલી બાયોટેક ઈન્ડસ્ટ્રીઝ નામની કંપનીમાં સવારે ૪.૩૦ વાગ્યે આગ લાગી હોવાનો મેસેજ મળ્યો હતો. જેના પગલે ફાયબ્રિગેડની ૧૮થી વધુ ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. ૪૫થી વધુ ફાયર બ્રિગેડના જવાનોએ બે કલાકમાં આગને કાબૂમાં લીધી હતી.

બાયોટેક ઈન્ડસ્ટ્રીઝમાં લાગેલી આગ ખૂબ વધારે હતી જે બાજુમાં આવેલી સુરભી સ્ટીલ વાસણ બનાવતી કંપનીમાં આગ પ્રસરતા પેકેજિંગ મટિરીયલમાં આગ લાગી હતી.પ ાછળના ભાગે આવેલા ગોપાલ ઈન્ડસ્ટ્રીયલ પાર્કને પણ સુરક્ષાના ધોરણે ખાલી કરાવી આશરે ૪૦ વ્યક્તિઓને બહાર કાઢી લેવામાં આવ્યા હતા. સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. ફાયર બ્રિગેડની સવાર સુધી આગને કુલિંગ કરવાની કામગીરી કરવામાં આવી હતી. અમદાવાદના દાણીલીમડાના પટેલ મેદાનમાં આવેલા પતરાના શેડમાં બનાવેલા ગોડાઉનમાં આગ લાગી હતી.આગ ખૂબ જ વિકરાળ હોવાથી ફાયર બ્રિગેડના કર્મચારીઓ અંદર સુધી પહોંચી શક્યા નહોતા.

રોબોટની મદદ લેવામાં આવી હતી. અમદાવાદ ફાયર બ્રિગેડ પાસે અદ્યતન ટેક્નોલોજીવાળા રોબોટની મદદ લઈ અને આગ બૂઝાવવાની કામગીરી કરવામાં આવી હતી. સતત બે કલાક સુધી રોબોટ ચલાવી અને આગ કાબૂમાં લેવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. આગના કારણે આખો પતરાનો શેડ ધરાશાયી થઈ ગયો હતો. આગ ખૂબ જ મોટી હોવાથી જેસીબીની પણ મદદ લેવામાં આવી હતી.

**અમદાવાદમાં ૧૦૦થી વધુ શાળાઓને નોટિસ**

## રાજ્યની શાળાઓમાં ફાયર સેફ્ટીના સાધનોને લઈ તપાસ

**૯ મીટરથી ઓછી ઉંચાઈ ધરાવતા બિલ્ડીંગમાં ફાયર NOC લેવાની જરૂર નહિ : ૧૯૦૦થી વધુ શાળામાં ચેકીંગ**

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૭ ।

રવિવારની રજા હોવા છતાં પણ સરકારના આદેશથી રાજ્યની તમામ સ્કૂલોમાં ફાયર સેફ્ટીને લઈને તપાસ કરવામા આવી હતી અને સ્કૂલો ચાલુ રાખવામા આવી હતી. અમદાવાદ જિલ્લામાં ૧૧૦થી વધુ સ્કૂલો કે જેઓને ફાયર એનઓસીની જરૂર ન હતી પરંતુ ફાયર સેફ્ટીના જરૂરી સંસાધનો ન હોવાથી નોટિસ આપવામા આવશે. અમદાવાદની ૧૯૦૦થી વધુ સ્કૂલોમાં ચેકિંગ કરવામા આવ્યુ હતું. રાજકોટના અગ્નિકાંડ બાદ શિક્ષણ વિભાગના આદેશથી રાજ્યની સ્કૂલોમાં ફાયર સેફ્ટીને લઈને અગાઉ સઘન ચેકિંગ કરાયુ હતુ. રાજ્યના તમામ જિલ્લા ડીઈઓ-ડીપીઓ દ્વારા રૂબરૂ ચકાસણી કરવામા આવી હતી અને તમામ સ્કૂલો પાસેથી ફાયર સેફ્ટીના લગતા પ્રમાણપત્રો મંગાયા હતા.જેમાં અગાઉ અમદાવાદ કેટલીક સ્કૂલોમાં ફાયર એનઓસી રીન્યુ ન હતી અને તેઓને રીન્યુ કરવા આદેશ કરાયો હતો. આ દરમિયાન હાઈકોર્ટના આદેશ બાદ શિક્ષણ વિભાગ દ્વારા ફરી એકવાર તમામ સ્કૂલો ફાયર સેફ્ટી ચેકિંગ માટે આદેશ કરાયો હતો અને જેમાં ગુજરાત શિક્ષણ બોર્ડ, કમિશનર ઓફ સ્કૂલ કચેરી તથા પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા તમામ ડીઈઓ-ડીપ ીઓને પરિપત્ર કરીને રવિવારે ચેકિંગ કરીને ૧૭મી સાંજ સુધી રિપોર્ટ આપવા આદેશ કરવામા આવ્યો હતો. જેના પગલે તમામ જિલ્લામાં રવિવારે રજાના દિવસે પણ સ્કૂલો ચાલુ રહી હતી. હાઈકોર્ટના આદેશના પગલે ગઈકાલે થયેલા ઈન્સપેકશનમાં અમદાવાદ શહેર ડીઈઓ હેઠળની ૫૭ સ્કૂલો અને ગ્રામ્ય ડીઈઓ હેઠળની ૫૫ સ્કૂલો સહિત ૧૧૦થી વધુ સ્કૂલોમાં ફાયર સેફ્ટીના જરૂરી સંસાધનો ન હોવાનું ધ્યાને આવ્યુ હતું જો કે નિયમ મુજબ આ સ્કૂલોને ફાયર એનઓસીની જરૂર નથી કારણકે ૯ મીટરથી ઓછી ઉંચાઈ ધરાવતા સ્કૂલ મકાનને લીધે આ સ્કૂલોએ ફાયર એનઓસી લેવાની જરૂર નથી પરંતુ હોઝરીલ પાઈપ અને બાટલા સહિતના જરૂરી સંસાધનો રાખવા જરૂરી છે.જેથી કેટલીક સ્કૂલોમાં હોઝરીલ પાઈપો ન હતી.આ સ્કૂલોને નોટિસ આપવામા આવશે.

**મેઘરાજાએ કરી રાજ્યમાં જમાવટ શરૂ**

## ગુજરાતના ૧૭ જિલ્લાઓ અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વરસાદની આગાહી

**સૌરાષ્ટ્રના વિસ્તારોમાં સુરેન્દ્રનગર, અમરેલી, ભાવનગર અને બોટાદમાં વાવાઝોડા સાથે વરસાદની શક્યતાઓ**

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

ગુજરાતમાં ચોમાસું ધીમે ધીમે આગળ વધી રહ્યું છે ત્યારે રાજ્યમાં ઠેકઠેકાણે વરસાદ પડવાનો શરૂ થઈ ગયો છે. ગુજરાતના ૧૭ જિલ્લાઓ અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વાવાઝોડા સાથે વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગે કરી છે. વધુમાં રાજ્યમાં ત્યારબાદ આગામી ૭ દિવસ વરસાદી માહોલની શક્યતાઓ વચ્ચે હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યમાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસી શકે છે. તો કેટલાક જિલ્લામાં ભારે વરસાદ પણ વરસી શકે છે. ઉપરાંત દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ગુજરાતમાં સારા વરસાદની શરૂઆત થઈ ગઈ છે. મેઘરાજાએ રાજ્યમાં જમાવટ કરવાની શરૂઆત કરી દીધી છે. દક્ષિણ ગુજરાતથી લઈને સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતથી લઈને મધ્ય ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં વરસાદ વરસ્યો છે. ત્યારે આગામી ૭ દિવસ રાજ્યમાં વરસાદી માહોલ રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે.હાલ ગુજરાતમાં ચોમાસું ધીમે ધીમે આગળ વધી રહ્યું છે ત્યારે રાજ્યમાં ઠેકઠેકાણે વરસાદ પડવાનો શરૂ થઈ ગયો છે. હવામાન વિભાગે જાહેર કરેલી આગાહી પ્રમાણે સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતાં ગુજરાતના ૧૭ જિલ્લાઓ અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં આગામી ૪૮ કલાકમાં ગાજવીજ સાથે વરસાદ પડશે. રાજ્યના બીજા વિસ્તારોની વાત કરીએ તો બનાસકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ, દાદરા નગર હવેલીમાં ભારે પવન સાથે વરસાદ પડવાની શક્યતા છે. સૌરાષ્ટ્રના વિસ્તારોમાં સુરેન્દ્રનગર, અમરેલી, ભાવનગર અને બોટાદમાં ગાજવીજ અને વાવાઝોડા સાથે વરસાદ પડવાની શક્યતાઓ છે. આ વિસ્તારોમાં પવનની ગતિ ૩૦-૪૦ કિલોમીટર પ્રતિ કલાક રહેશે. આ ઉપરાંત આજથી ૪૮ કલાક પુરા થયા બાદ એટલે ૧૫-૧૬ જૂનની આગાહી બાદ હવે ૧૮ અને ૧૯ જૂન ૨૦૨૪ દરમિયાન રાજ્યમાં છૂટોછવાયો વરસાદ યથાવત રહેવાની આગાહી કરાઈ છે.

## દહેજ-સાયખા જીઆઈડીસીમાં કરોડોનો ભ્રષ્ટાચારના આક્ષેપને સરકારનો રદિયો

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૭ ।

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલ દ્વારા કરવામાં આવેલા આક્ષેપોને સત્યથી વેગળા અને પાયા વિનાના તથા લોકોને ગેરમાર્ગે દોરનારા-ગણાવતા રાજ્ય સરકારના પ્રવક્તા-આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું છે કે ગુજરાતના વૈશ્વિક ઔદ્યોગિક વિકાસમાં જી.આઈ.ડી.સી. મહત્વનું યોગદાન આપી રહી છે. સમગ્ર રાજ્યમાં અંદાજે ૨૩૯ જેટલા ઔદ્યોગિક વસાહતોમાં ૭૦,૦૦૦થી વધુ ઔદ્યોગિક એકમોની ફાળવણી કરવામાં આવી છે. જેના મારફતે ઘરેલું ઉત્પાદન, નિકાસ, રોજગારી, સંશોધન જેવા અનેક હેતુઓ પૂરા થાય છે અને તેના મારફતે રાજય તેમજ રાષ્ટ્રની આર્થિક ગતિવિધિઓને પણ વેગ મળે છે. તેમણે જણાવ્યું છે કે જી.આઈ.ડી.સી. સરકાર પાસેથી કે સંપાદન દ્વારા જરૂરી જમીન મેળવી માળખાકીય સુવિધાઓ ઊભી કરીને નહીં નફો, નહીં નુકસાનના ધોરણે ઉદ્યોગકારોને પોષણક્ષણભાવે જમીન આપે છે.

## ચોકીદારની બે બાળકી રમતા રમતા સ્વિમિંગ પૂલમાં પડી

। (એજન્સી) રાજકોટ, તા.૧૭ ।

રાજકોટમાં વાલીઓ માટે ચેતવણીરૂપ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરમાં યુનિવર્સિટી રોડ પર આવેલ શિલ્પન ઓનિક્સ એપાર્ટમેન્ટમાં ચોકીદારી કરતા નેપાળી પરિવારની બે બાળકી રમતા રમતા સ્વિમિંગ પૂલમાં પડી ગઈ હતી. સ્થાનિકોએ ૧૦૮ બોલાવી બન્ને બાળકીને બચાવવા કોશિશ કરી હતી. પરંતુ બન્ને બાળકીનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. બાળકીઓના પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો છે. પોલીસે બંને બાળકીઓના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને વધુ કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે યુનિવર્સીટી રોડ પર આવેલ શિલ્પન ઓનિક્સ સોસાયટીમાં ગઈકાલે રાત્રે સ્વિમિંગ પૂલમાં બે બાળકીના ડૂબી જવાથી મોત થયા હોવાના બનાવની જાણ થતા સોસાયટીના લોકો એકઠા થઈ ગયા હતાં અને બન્ને બાળકીને સ્વિમિંગ પૂલમાંથી બહાર કાઢી ૧૦૮ મારફત હોસ્પિટલ ખસેડી હતી.બનાવ અંગેની જાણ સિવિલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને કરી હતી.













માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨